કલા, કારીગરી, કૌશલ્ય અને સાહિત્યને ઉજાગર કરતું માસિક • 10, April 2026 | ₹ 30

# વિશ્વકર્મા વિશ્વ



## શ્રી કેતનભાઇ ગજ્જરની રાષ્ટ્ર સમર્પણની ભાવનાની સરકારે કદર કરતાં
## ગંભીરા બ્રીજ બન્યો હવે વિશ્વકર્મા બ્રીજ




## ઈઝરાયેલ ઈરાન યુધ્ધની અસરથી મોરબીનો સિરામીક ઉદ્યોગ ઝઝુમી રહયો છે

# વિશ્વકર્મા બ્રીજની કામગીરીની તસવીરી ઝલક




























VISHWAKARMA VISHAWA
(GUJARATI-MONTHLY)
RNI REGD. NO.GUJGUJ/2013/49269




Volume No.-15, Issue No.03
Date : 10-04-2026

Page : 28
Retail Price Rs.30/-
Annual Subscription Rs. 300/-

**Editor :** Pravin Dayaljibhai Gajjar (Bhadeshia)

**Graphic Design :** Amit Vaghela

**Web Editor :** Parth Gajjar

**Office :** Vishwakarma Vishwa, Ramy Publication, 320, Heera Panna Complex, Dr. Yagnik Road, Rajkot-360001. Mo. 90999 49565

**Editor-Publisher-Owner & Printer**: Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)

**E-mail:** vishwakarmavishwa@yahoo.com
**Web:** vishwakarmavishwa.com
www.fb.com/vishwakarmavishwa

**'વિશ્વકર્મા વિશ્વ'માં પ્રકાશિત થતી વાંચન સામગ્રીમાં વ્યક્ત થતા વિચારો જે-તે લેખકના છે. એની સાથે તંત્રી/સંપાદક હંમેશા સંમત જ છે તેમ માનવું નહીં. કાનૂની ક્ષેત્ર રાજકોટ રહેશે.**



## શ્રી કેતનભાઈ ગજ્જરની રાષ્ટ્ર સમર્પણની ભાવનાની સરકારે કદર કરતા


# ગંભીરા બ્રીજ બન્યો હવે વિશ્વકર્મા બ્રીજ



આણંદ જીલ્લાના આંકલાવ જીલ્લામાં આવેલ ગંભીરા બ્રીજ હવે વિશ્વકર્મા બ્રીજ બન્યો છે. પોરબંદરના કેતનભાઈ ગજ્જરે સરકાર પાસે કોઈપણ ચાર્જ લીધા વગર આ બ્રીજનું નિર્માણ કર્યું રાષ્ટ્ર સમર્પણની ભાવના સાથે કેતનભાઈ ગજ્જરે વિશ્વકર્મા સમાજ તરફથી આ બ્રીજ રાજયને અર્પણ કર્યો. કેતનભાઈ ગજ્જર અને વિશ્વકર્મા સમાજની આવી રાષ્ટ્ર સમર્પણ ભાવનાની સરકારે અને પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ નોંધ લીધી અને વિશ્વકર્મા જયંતિએ બાલા હનુમાન જયંતિ નિમિત્તે યોજાયેલ વંદના મહોત્સવમાં ઉપસ્થિત ભારતીય જનતા પક્ષના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ ગંભીરા બ્રીજનું વિશ્વકર્મા બ્રીજ નામકરણ કર્યું અને વિશ્વકર્મા બ્રીજ રાજયને સમર્પિત કર્યો. શ્રી જગદીશ વિશ્વકર્માની આ જાહેરાતને બાલા હનુમાન જયંતિ મહોત્સવ માણવા આવેલા ગુજરાતભરના જ નહીં મુંબઈ સહિતના ગુજરાત બહારથી આવેલા સમાજના પ્રમુખો આગેવાનોની વિશાળ હાજરીએ તાલીઓના ગડગડાટથી વધાવી લીધી અને વિશ્વકર્મા સમાજની ભક્તિ, સેવા અને સંસ્કારની ભાવનાની કદર કરી અને ગંભીરા બ્રીજને વિશ્વકર્મા બ્રીજ નામ આપવા બદલ શ્રી કેતનભાઈ ગજ્જર અને ઉપસ્થિત વિશાળ વિશ્વકર્મા સમાજે શ્રી જગદીશ વિશ્વકર્મા પ્રત્યે આભારની લાગણી પ્રદર્શીત કરી હતી.

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચુંટણી જાહેર થઈ ગઈ છે અને ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા ચાલુ થઈ ગઈ છે. આવી પરિસ્થિતિમાં કાર્યક્રમોમાં ગળાડૂબ કાર્યક્રમમાં વ્યસ્ત હોવા છતાં શ્રી કેતનભાઈ ગજ્જર અને વિશ્વકર્મા સમાજની લાગણીને ધ્યાનમાં રાખી શ્રી જગદીશ વિશ્વર્મા બાલા હનુમાન જયંતિ મહોત્સવમાં હાજર રહયા તે સમાજ માટે ગૌરવની વાત છે.

ગંભીરા બ્રીજ તુટયો ત્યારે ટેન્કર ઉતારવાની તેમજ કોઈ ચાર્જ લીધા વગર રાષ્ટ્ર ભાવનાની સમર્પણની ભાવના દાખવી પુલનું નિર્માણ કરી વિશ્વકર્મા સમાજ અને સમગ્ર ગુજરાતનું ગૌરવ વધારવા બદલ શ્રી કેતન ગજ્જરનું રાજયપાલ અને મુખ્યમંત્રીના સન્માનના અધિકારી બન્યા અને વૈશ્વિક ઓળખ બનાવી છે અને શ્રી કેતનભાઈ ગજ્જર સમગ્ર યુવાનો માટે પ્રેરણારૂપ બન્યા છે. ત્યારે ગુજરાતના ગૌરવરૂપ બન્યા છે. ત્યારે ગુજરાતના ગૌરવરૂપ એવા કેતનભાઈ ગજ્જરને રાજય સરકાર ગૌરવ પુરસ્કારથી પુરસ્કૃત કરે તેવી વિશ્વકર્મા સમાજ નહી સમગ્ર સમાજની લાગણી અને માગણી છે.



◆ પ્રવિણ ગજ્જર

**નોંધ :** વિશ્વકર્મા વિશ્વમાં પ્રસિદ્ધ થતી વાંચનસામગ્રીનો અને ડીઝાઈનનો જે તે પાર્ટીની પરવાનગી લીધા વગર-અમારી પરવાનગી વગર ઉપયોગ કરવો નહીં નહીંતર કાયદેસરના પગલા લેવાશે તેની નોંધ લેવી. - **તંત્રી**

# પોરબંદરના વિશ્વકર્મા ગ્રુપના કેતનભાઇ ગજજરે

# કોઇ ચાર્જ લીધા વગર ગંભીરા બ્રીજ બનાવી વિશ્વકર્મા સમાજ તરફથી રાજયને અર્પણ કર્યો

પ્રવીણ ગજજર






## મરીન ઇમરજન્સી રીસ્પોન્સ સેલ દ્વારા થયું નિર્માણ



આણંદ જીલ્લાના આંકલાવ તાલુકામાં આવેલ ગંભીરા બ્રીજ તુટી પડયા બાદ આજુબાજુના વિસ્તારમાં રોજીરોટી માટે આવજા કરતા સાતેક હજાર ટુવ્હીલર ધારકોને દરરોજ ૫૦ કિલોમીટર ફરીને જવુ પડતું હતું. આ સમસ્યાના નિવારણ અંગે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલે પોરબંદરના કેતનભાઇ ગજજર (વિશ્વકર્મા મીકેનીકલ અને મરીન ઇમરજન્સી રીસ્પોન્સ સેલ) અને ભાજપના પ્રદેશ પ્રમુખ શ્રી જગદીશ વિશ્વકર્મા સાથે વાતચીત કરી અને કેતનભાઇ ગજજરને આ સમસ્યાનું નિવારણ લાવવા જણાવ્યું. કેતનભાઇ ગજજરે આ તુટેલા ગંભીરા બ્રીજ પરથી ટુ વ્હીલર આવજા કરી શકે તેવો લોખંડનો બ્રીજ કોઇ ચાર્જ લીધા વગર રાષ્ટ્ર સમર્પણની ભાવનાથી સમગ્ર વિશ્વકર્મા સમાજ તરફથી તૈયાર કરી આપવા તૈયારી બતાવી. ત્યારબાદ શ્રી કેતનભાઇ ગજજરે તેની મરીન ઇમરજન્સી રીસ્પોન્સ સેલની કુશળ ઇજનેરો અને કારીગરની ટીમ સાથે ચર્ચા-વિચારણા કરી બ્રીજની ડીઝાઇન તૈયાર કરી અને કેતનભાઇ ગજજરના નેતૃત્વમાં ફક્ત બે મહિનામાં ફેબ્રીકેટેડ ટેકનોલોજી અપનાવી. અંદાજે ૧૦૦ ટન લોખંડ વાપરી અને અદ્યતન ટેકનોલોજી સાથેનો બ્રીજ તૈયાર કર્યો. બ્રીજના નિર્માણ દરમ્યાન શ્રી કેતનભાઇ ગજજરે સતત હાજર રહી સફળ નેતૃત્વ પુરૂ પાડયું. બ્રીજ તૈયાર થઇ ગયો છે અને ટુંક સમયમાં આ બ્રીજ પરથી રોજના સાતેક હજાર ટુવ્હીલર ધારકો આવજા કરશે.


## મુખ્યમંત્રી અને જગદીશ વિશ્વકર્માએ આપ્યા અભિનંદન

બ્રીજ શરૂ થતાં ટુ વ્હીલર ચાલકોને ૫૦ જેટલા કિલોમીટરનું અંતર ઓછું કાપવુ પડશે અને માનવ કલાકો અને ઇંધણની બચત થશે.

રાષ્ટ્ર સમર્પણની ભાવનાથી ગંભીરા બ્રીજ તૈયાર કરવા બદલ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલ, પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ કેતનભાઇ ગજજર અને તેની ટીમને અભિનંદન આપ્યા છે. વિશ્વકર્મા સમાજ તરફથી પણ કેતનભાઇ ગજજર પર અભિનંદનનો વરસાદ વરસી રહયો છે.

અત્રે યાદ રહે કે ગંભીરા બ્રીજ તુટયો હતો. જેમાં એક ટેન્કર બ્રીજના તુટેલા ભાગ પર હવામાં લટકી રહયો હતો. જે ઉતારવામાં ૨૮ દિવસના પ્રયત્નો પણ નિષ્ફળ ગયા હતા. ત્યારે કેતનભાઇ ગજજરના નેતૃત્વ હેઠળની ૨૦ કુશળ ઇજનેરોએ ફકત ૨૦ મિનિટમાં ટ્રકને સલામત રીતે બહાર કાઢયો હતો. આ કામ પણ શ્રી કેતનભાઇ ગજજરે સરકાર પાસેથી કોઇ જાતનો ચાર્જ લીધા વગર રાષ્ટ્ર સમર્પણની ભાવનાથી રાજયની સેવા ગણી કર્યું હતું. શ્રી કેતનભાઇ ગજજરની આ ભાવના જોઇ પોરબંદરના આંગણે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલ અને રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ જાહેરમાં સન્માન કર્યું હતું.

આવુ રાજયપાલ અને મુખ્યમંત્રી દ્વારા સન્માનીત કેતનભાઇ ગજજર પોરબંદરની ૯૦ વર્ષ જુના વિશ્વકર્મા ગ્રુપના ડીરેકટર છે અને યુવાનો માટે અનેરૂ વ્યકિતત્વ ધરાવે છે. વિશ્વકર્મા ગ્રુપની




# સાતેક હજાર લોકો માટે સમય અને ઇંધણનો બચાવ



સ્થાપના કેતનભાઇ ગજજરના દાદા ગોવિંદભાઇ ગજજરે કરી હતી. ફેબ્રીકેશન યુનિટ તરીકે કરી હતી. વિશ્વકર્મા મીકેનીકલ લેથ, ડ્રીલીંગ, કટીંગ મશીન વગેરેનું ઉત્પાદન કરતું. બાદમાં સતિષભાઇ ગજજરે કંપની સંભાળી હતી. ૨૦૦૪થી કેતનભાઇ ગજજરે કંપનીની સંપૂર્ણ જવાબદારી સંભાળી. હાલમાં તેઓ દેશભરમાં પોતાની કામગીરીની અલગ ઓળખ ઉભી કરી છે. છેલ્લા ૧૫ વર્ષથી આ ગ્રુપ કોસ્ટગાર્ડ સાથે રજીસ્ટર્ડ ફર્મ છે જે દરીયાઇ વિસ્તારમાં કામ કરે છે. કેતનભાઇ ગજજર અશકય લાગતી કામગીરીને પોતાની કુનેહથી શકય બનાવતા રહયા છે અને ૪૦૦થી વધુ લોકોને રોજગારી આપતા રહયા છે.

વિશ્વકર્મા ગ્રુપના મરીન ઇમરજન્સી રીસ્પોન્સ સેલ દેશભરમાં કાર્યરત છે. કેતનભાઇ ગજજર કરે છે. પોરબંદરના દરીયાપર પોર્ટ વિકસીત થાય તો મોટી રોજગારી ઉત્પન્ન થાય તેમ છે.

કેતનભાઇ ગજજર સમાજના મુક દાતા છે અને સમગ્ર સમાજ સંગઠીત થાય તે માટે ઉત્સાહી છે.

## જોબ પ્લેસમેન્ટ વોટસએપ ગ્રુપમાં જોડાઇને નોકરી મેળવો/નોકરી આપો

અમદાવાદમાં ભલકેશભાઇ સીનરોજાએ શ્રી વિશ્વકર્મા દાદાનો દરબાર નામથી દેશભરમાં સેવા કાર્યના પ્રારંભ કર્યો જેને સમાજ તરફથી વ્યાપક આવકાર મળ્યા બાદ શ્રી વિશ્વકર્મા દાદાનો દરબાર પ્રેરીત જોબ પ્લેસમેન્ટ (સમગ્ર ગુજરાત) વોટસએપ ગ્રુપ શરૂ કરવામાં આવ્યું છે. વિશ્વકર્મા વંશજ માટે આપણા સમાજના જે કોઇ ભાઇ-બહેનોને જોબની જરૂરીયાત હોય અથવા કોઇપણ જ્ઞાતિબંધુઓને પોતાની કંપનીમાં સ્ટાફની જરૂર હોય તેવા લોકો માટે આ ગ્રુપ સારી રીતે ઉપયોગી થઇ રહયું છે. આ ગ્રુપમાં જોડાયા બાદ જોબ આપવા માંગતા હોય કે જોબ મેળવવા માંગતા હોય તેઓ આ ગ્રુપમાં માહિતી પુરી પાડી જોબ આપી શકે છે. અને મેળવી પણ શકે છે. જોબ પ્લેસમેન્ટ (ઓલ ગુજરાત)માં જેમને સ્ટાફની જરૂર હોય તેઓએ કંપની કે દુકાનનું નામ, સ્થળ, કયાં કામ માટે માણસ જોઇએ છે, જરૂરી લાયકાત, પગાર, જરૂરી અનુભવ વગેરે વિગત મુકી પોતાની જરૂરીયાત પુરી કરી શકે છે.નોકરી મેળવવા ઇચ્છતા લોકોએ પણ પોતાનું રીઝયુમ આ ગ્રુપમાં મુકી નોકરી મેળવી શકે છે. ગ્રુપમાં જોડાવા સ્કેન કરો અને આ સેવાનો લાભ લો.

## પુસ્તક સહયોગ ગ્રુપ (વોટસએપ)માં જોડાઇ વિનામુલ્યે પુસ્તકો આપો/મેળવો

અમદાવાદમાંથી પુસ્તક સહયોગ ગ્રુપ નામથી વોટસએપ ગ્રુપ બનાવાયું છે. શ્રી વિશ્વકર્મા દાદાનો દરબાર પ્રેરીત આ ગ્રુપ છે.

આ ગ્રુપમાં જે પણ વિદ્યાર્થીઓને જુના વર્ષના પુસ્તકો આપવાના હોય અથવા લેવાના હોય તેમણે આ ગ્રુપમાં જોડાવું. ગ્રુપમાં જોડાઇ પોતાની પાસે રહેલા પુસ્તકોનું ધોરણ, માધ્યમ, તથા બોર્ડની વિગત લખીને મુકવુ તથા જેને જરૂરીયાત હોય તેમણે જે તે વ્યકિતનો સંપર્ક કરી મેળવી લેવાના રહેશે. જે તે અભ્યાસ પુર્ણ થયા બાદ મોટાભાગે પસ્તીમાં જતા હોય છે. આ ગ્રુપમાં જોડાવાથી પુસ્તકોની આપેલ થતા જે તે પરિવારનો પુસ્તકનો ખર્ચ બચી જશે. પુસ્તક સહયોગ ગ્રુપમાં જોડાવા સ્કેન કરો



# ઈઝરાયેલ ઈરાન યુધ્ધની મોરબી પર અસર

**અનિલ કે.ખારેચા**

મધ્યપૂર્વના આકાશમાં યુદ્ધની અગન જવાળાઓ ભલે ગલ્ફ દેશોને ડરાવી રહી હોય, પરંતુ તેની સૌથી માઠી અસર ગુજરાતના મોરબી શહેરના ઉદ્યોગો પર પડી છે! વિશ્વબજારની આર્થિક ગતિ મુખ્યત્વે ગેસ અને ક્રૂડ આધારીત છે પરંતુ યુધ્ધની અનિશ્ચિતતામાં તેનો સૌથી મોટો ઝટકો મોરબીના ઉધોગકારોને લાગ્યો છે. જ્યાં સિરામિકથી લઈને ઘડિયાળ અને લેમિનેટ સુધીના ઉદ્યોગો પોતાનું અસ્તિત્વ ટકાવવા શક્તિપૂર્વક લડી રહ્યા છે, પણ યુધ્ધના તણાવ વચ્ચે આ ઉદ્યોગ કેટલું ટકી રહેશે તેતો આવનાર સમય જ કહેશે.

આમતો પ્રત્યક્ષ રીતે ભારત આ યુધ્ધનો હિસ્સો નથી છતાં તેની સૌથી મોટી આર્થિક અસર મોરબીની ઓળખ અને અસ્તિત્વનું પ્રતિક છે તેવા સિરામિક ઉદ્યોગ પર પડી છે. આ ઉદ્યોગ ખાસ PNG અને LNG પર ચાલે છે. અને એ ગેસની સપ્લાય આ યમન, ઇરાક અને ઇરાનના દેશોમાંથી સ્ટ્રેઈટ ઑફ હોર્મુઝના સાંકડા સમુદ્રી માર્ગ પરથી આવે છે જે ઈરાન અને ઓમાન વચ્ચે આવેલો છે, અહીં અટવાયેલા જહાજોને કારણે ગેસના ભાવ વધ્યા, સાથે એક્સપોર્ટ ઓર્ડરમાં મંદી આવી આમ સિરામિક ઉદ્યોગના મુશ્કેલી ના દિવસો શરૂ થયા, તો સાથે એકસપોર્ટ કરેલ લગભગ ૨૦૦૦ કંટેઇનરો ગલ્ફ કન્ટ્રીમાંથી પોર્ટ પર અનલોડ ન થવાથી પરત ફર્યા તે પડ્યા પર પાટું સમાન છે.જુના ઓર્ડર અટકેલા છે ત્યાં નિકાસ સંપૂર્ણપણે પ્રભાવિત થઈ છે, મોરબીના સિરામિક ઉત્પાદનની ૨૫-૩૫% નિકાસ મધ્યપૂર્વ દેશોમાં થાય છે, હવે યુધ્ધની પરિસ્થિતિમાં શિપિંગ લાઇન્સે જોખમને કારણે ફ્રેઈટ ચાર્જમાં ધરખમ વધારો કર્યો તો કેટલીક લાઇન્સે મધ્યપૂર્વ રૂટ પર બુકિંગજ બંધ કર્યુ ! પરિણામે હજારો કન્ટેનર અટવાઈ ગયા ને મોરબીના નિકાસકારોના ૮૦૦-૧૦૦૦ કરોડ સુધીના ઓર્ડરો સ્થગિત થયા,અને ગેસની સપ્લાય, પણ બંધ થતાં ન છુટકે સિરામિક ઈન્ડસ્ટ્રીઝ એક મહિના માટે સટડાઉન કરવામાં આવી. નિકાસકારો માને છે કે જો આ સંકટ લાંબુ ખેંચાય તો સ્પેન, તુર્કી અને ચીન બજારમાં ભારતની જગ્યા પર કબ્જો કરી લેશે, તો આ ફેક્ટરીઓ બંધ થતાં લગભગ પાંચ લાખ થી વધુ પરપ્રાંતિય મજૂરો પોત પોતાના વતન પરત ફર્યા છે.

મોરબી નો બીજો સૌથી મોટો ગણાતો ઘડિયાળ ઉદ્યોગ આ સ્થિતિને કારણે તકલીફ માં મુકાયો છે.ઘડિયાળ ઉત્પાદકો ક્રૂડ ઓઇલ આધારિત પ્લાસ્ટિક પર નિર્ભર છે PP, ABS, HIPS જેવા ગ્રેન્યુલ્સના વિશ્વબજારમાં ભાવો બમણા થઈ જતાં રો-મટીરીયલ મોંઘું પડી રહ્યું છે .જ્યારે બજાર ભાવ વધારો સ્વીકારવા તૈયાર નથી. આવા સમયે ઉત્પાદકો માટે ફેક્ટરી ચલાવવી કે બંધ કરવી એ જટિલ પ્રશ્ન બની ગયો છે તો અનેક નાના ઘડિયાળ ઉત્પાદકોતો બંધ પણ થઇ ગયા છે!

આ સાથે મોરબી નો ત્રીજા નંબરનો લેમિનેટ ઉદ્યોગ પણ યુદ્ધના આડઅસરથી બચી શક્યો નથી.લેમિનેટ માટે જરૂરી યુરિયા, મેલામાઇન, ફોર્માલ્ડિહાઇડ રેઝિન આ બધું પેટ્રોલિયમ આધારીત પ્રોડકટ્સ છે તે મોંઘું થતાં લેમિનેટનું ઉત્પાદ ઘટ્યું છે તો સાથે ઘણા ઉત્પાદકોએ હવે કાચા માલના ભાવને જોઈને પ્રોડક્શન પણ ઓછું કરી ભાવ વધારો કરેલ છે, બજારમાં રેઝિનના, ક્રાફટ પેપર તથા ફિનોલ ના ભાવ પર આ યુદ્ધની સ્પષ્ટ અસર દેખાય છે જેને કારણે પ્રોડક્ટ નો ભાવ સીધો વધી રહ્યો છે. અને ભવિષ્યમાં આ એકમો પણ સટડાઉન થાય તેવું લાગી રહ્યું છે.

આમ લગભગ મુખ્ય ત્રણેય ઉદ્યોગોમા અંદાજે પાંચ થી સાત લાખ લોકોને એક યા બીજી રીતે રોજગારી મળતી હતી તે યુદ્ધ ની પરિસ્થિતિમા બંધ થતી દેખાઇ રહી છે ! જે અસ્થિરતા ઊભી થઈ છે તે માત્ર હવે આંતરરાષ્ટ્રીય રાજકારણનો વિષય નથી રહ્યો રાજય સરકાર કે કેન્દ્ર સરકાર આ વિષયમા કશું કરવા સક્ષમ નથી પરંતુ ઉધોગકારો કહેછે કે એક મહિના નું સટડાઉન અંદાજીત છે જો યુધ્ધ ની પરિસ્થિતિ વધુ વણસી જશે તો ફેક્ટરીઓ પુનઃ શરૂ કરવામા હજુ પણ સમય લાગશે, અહીંનો વ્યવસાય વિશ્વબજારની શાંતિ પર નિર્ભર છે, અને જ્યારે વિશ્વ અસ્વસ્થ થાય, ત્યારે મોરબીનું ઔદ્યોગિક હૃદય પણ અસમાન ધબકે તે સ્વાભાવિક છે. યુદ્ધ જેટલું લાંબું ચાલે, મોરબી માટે રસ્તો તેટલો જ કઠિન બનતો દેખાય છે. આ એક એવી સ્થિતિ છે જ્યાં મોરબી યુદ્ધ નથી લડતું, છતાં યુદ્ધમાં પારાવાર નુકસાન ભોગવી રહ્યું છે.

# યુદ્ધની આગમાં સળગતો સિરામિક ઉદ્યોગ

અસ્મિતા વિસરોલિયા (થાનગઢ)



સુરેન્દ્રનગર જિલ્લાની પંચાલ ભૂમિમાં આવેલું થાનગઢ સિરામિક ઉદ્યોગને કારણે દેશભરમાં ખૂબ જ પ્રખ્યાત છે. ગુજરાત રાજ્યમાં અંદાજે ૫૦૦થી વધુ જેટલા સિરામિક ઉદ્યોગો છે જે પૈકી ૩૦૦ એકમો થાનગઢમાં આવેલા છે. હાલ ચાલી રહેલા ઈરાન ઇઝરાયલ યુદ્ધના કારણે ગુજરાતના સુરેન્દ્રનગર જિલ્લામા આવેલા નાના એવા પણ સિરામિક ઉદ્યોગને લીધે વિશ્વ વિખ્યાત બનેલા થાનગઢના સિરામિક ઉદ્યોગને બહુ માઠી અસરો થઈ છે. યુદ્ધને કારણે નિકાસ પર મોટું સંકટ આવ્યું છે. જેના કારણે કરોડોનું નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. પૂરતા ગેસના અભાવે છેલ્લા થોડા દિવસમાં ઘણા સિરામિક એકમોને તાળા લાગ્યા છે. ઉદ્યોગોને તાળા લાગતા અન્ય રાજ્યોમાંથી આવતા શ્રમિકોની રોજગારી છીનવાતા બહુ મોટું આર્થિક સંકટ સર્જાઇ શકવાની શક્યતાઓ વધી રહી છે. આ બંધ થયેલા એકમો ફરી ક્યારે ધમધમતા થશે એ અંગે અનિશ્ચિતતા જોવા મળી રહી.

અહીં ૩૦૦ થી વધુ સિરામિક એકમો આવેલા છે. જેમાંથી ૧૭૫ એકમો સરકારના મિનિમમ ગેરંટી ઓફ ટેક હેઠળ કરાર આધારિત છે. જ્યારે બાકીના ઉદ્યોગો અને લઘુ ઉદ્યોગો કરાર વગર ગેસનો ઉપયોગ કરે છે. હાલ ચાલી રહેલા યુદ્ધને લીધે ગેસનો પુરવઠો ઓછો આવતા સરકારે વપરાશમાં ૮૦ ટકા જ ગેસ આપવાની જાહેરાત કરી છે. ત્યારે આવનાર દિવસોમાં થાનગઢના સિરામિક ઉદ્યોગને તાળા લાગવાની પરિસ્થિતિ સર્જાઈ છે. થાનગઢ સિરામિક નગરી તરીકે ઓળખાય છે. અહીં બનતી વિવિધ આઈટમો દેશમાં જ નહીં પરંતુ વિદેશમાં પણ નિકાસ થાય છે. વિદેશમાં આ આઈટમોની માંગ ખૂબ વધારે રહે છે. ભારતમાં આવતા ગેસ માંથી ૩૦% કે ૪૦% ગેસ કુવૈત અને સાઉદી અરેબિયાથી આવે છે. યુદ્ધનાલીધે ગેસ પુરવઠો ઓછો આવતા સરકારે આ એકમોમાં વપરાતા ગેસના પુરવઠામાં ૫૦% નો કાપ મુક્યો છે. પહેલા ગેસનો ભાવ કિલોના રુપિયા ૪૧.૪૦ હતા તે વધારીને રુપિયા ૮૮ કરી નાખ્યો હોવાથી ઉદ્યોગકારો ઉપર રુપિયા ૧૧.૦૬ કરોડનો બોજ વધવાની શક્યતા છે. આ સીરામીક ઉદ્યોગ ગેસની અછતના લીધે મુશ્કેલીમાં મુકાયો છે.

**૨૧ વર્ષમાં સૌથી વધુ ભાવ વધારો**

| વર્ષ | વધારો | કુલ ભાવ |
|---|---|---|
| ૨૦૨૩. | ૨. | ૫૬ |
| ૨૦૨૩. | ૨. | ૩૯.૯૦ |
| ૨૦૨૩. | ૨.૩૯. | ૪૨.૪૩ |
| ૨૦૨૪. | ૨.૫૦ | ૪૧.૪૦ |
| ૨૦૨૬. | ૪૬.૦૬ | ૮૮ |

આ ભાવ વધારાના વિરોધમાં સિરામિક એકમોના માલિકોએ બેઠક બોલાવી છે.આ બધા સંકટોને કારણે ઉદ્યોગકારોની હાલત દિવસેને દિવસે કફોડી બનતી જાય છે. હાલના સમયે ઘણા સિરામિક એકમો બંધ કરી દેવાયા છે.અનેક પ્રાંતીય અને પરપ્રાંતીય મજૂરોને છૂટા કરી દેવામાં આવતા મજૂરો પોતાના વતન જતા રહ્યા છે. ગેસના ભાવ વધારાને કારણે બે ત્રણ માસ સુધી ફેક્ટરીઓ ચાલું થાય તેવી સંભાવના નથી. ગેસના ભાવમાં ઘટાડો થાય અથવા સબસીડી અપાય તો જ હવે આ સીરામીક ઉદ્યોગ બચી શકે તેમ છે.તારીખ ૩૧ માર્ચ સુધી ૮૦% જ ગેસ મળવાનો છે. ત્યારબાદની પરિસ્થિતિ અંગે માર્ચ માસના અંતમાં કોઈ નિર્ણય લેવાય એવી શક્યતાઓ છે.

આ પરિસ્થિતિઓ વચ્ચે થાનગઢનો સીરામીક ઉદ્યોગ બંધ થવાના ભણકારા વાગી રહ્યા છે. જો ગેસમાં ભાવ વધારો થશે તો સિરામિક ઉદ્યોગને મોટો ફટકો લાગવાની શક્યતાઓ છે.આ ગેસના સંકટને કારણે સિરામિક ઉદ્યોગકરો ખૂબ જ ચિંતામાં મુકાયા છે. બીજા દેશોમાં મોકલેલો માલ પરત આવતા ઉદ્યોગકારોને આર્થિક મોટો ફટકો લાગ્યો છે.એક કન્ટેનર દીઠ સાતથી આઠ લાખની નુકસાની વેઠવી પડી રહી છે. આ અંગે સરકાર યોગ્ય કાર્યવાહી કરે એવી ઉદ્યોગકરો અને સિરામિક એકમોમાં કામ કરતાં મજૂરોની માંગણી છે. આ પડી ભાંગવાના આરે ઉભેલા સિરામિક ઉદ્યોગને કેવી રીતે બચાવવો એ હવે ઉદ્યોગકારોએ વિચારવું રહ્યું . જો આ સમસ્યા અંગે કોઈ નિરાકરણ નહીં લાવવામાં આવે તો સિરામિક એકમો પડી ભાંગશે અને આ સિરામિક નગરી લુપ્ત થતા વાર નહીં લાગે..

# લે ! ફૂવો પાછો રિહાણો!!!

## (પાત્રો કાલ્પનિક છે)

શાંતિભાઈ ખોડદિયા

ફુવા નામનું પ્રાણી સંબંધમાં અને સમાજમાં એક ગજબનું અળવિતરૂ પ્રાણી છે. આ શાતિર અને સનકી પ્રાણીથી સૌ કોઈ અભ્યસ્ત હોય જ.

જયા જ્યા નજર મ્હારી ઠરે, ત્યાં ત્યાં યાદી ફુવા આપની, હર અવસર મહી એ ડખાની યાદી ઝરે છે આપની''

ફૂવો એ ડખાનું ડમરુ બજાવતુ સર્વસ્વિકાર્ય પ્રચલિત પાત્ર છે. ફૂવો એટલે ફાંકા ફુંકતો શંખનાદ. ફૂવો એટલે ઘસાયેલી કર્ણફાડ કર્કશ કસેટ. કહેવત છે કે ''કાગડા બધે કાળા'' એમ મહદ અંશે ફૂવા બધે ફોંકેબાજ-રિહરાજા-જ હોય.''એક સમયનો લાડલો અને માનીતો જમાઈ એ આજનો બોજરૂપ, તરંગી અપૂર્વાનુમાનિય ફૂવો. જમાઈમાંથી મળેલી બઢતી એટલે ફુવાને સહજ પ્રાપ્ત થયેલુ બેજવાબદારીનું તિરસ્કૃત પદ... ડખા કરવા, વાતને ગુંચવવી, ફાંકાફોજદારી કરવી અને આમા જો જામે નહી. તો રિહાવું ઈ એનું બુહુ અને અંતિમ હથિયાર...

આ પેથાફૂવો જયારે ફક્ત જમાઈની શ્રેષ્ઠ પદવી પર હતો, ત્યારે સસુર ઘેર ઉપડ્યો નહતો ઉપડતો. આ ફૂવો ફક્ત જમાઈ જ હતો ત્યારે તેના આગમનથી સસુર ઘરના કૂતરા સીખે સૌ તેની આગતા-સાગતામાં ઓતપ્રોત થઇ જતા. સાસુમાં હરખઘેલી થઈ ઓવારણાની બોછાર વરસાવતી અને જમાઈને વખાણના ફુલડાથી વધાવતી. સસરા ઈ સમયના જમાઈને સહેજે ઓછુ ન આવે તેની બાજ નજર રાખતા અને ઉમદા આતિથ્યની કડક સુચનાઓનો મારો ચલાવતા.. સાળાઓ સામાન લઈ સેવામાં પ્રવૃત થઈ બનેવીને રીઝવતા .. સાળીઓ જીજાજી-જીજાજીના મધુર કલશોરથી જીજાજીને મોજની મધમધતી મિઠાઈ પીરસતી.. અમારો પેથાભાઈ આ વર્ણિત ફુવાની અસલ પ્રતિકૃતિ છે. અવસરે આવે કે ગામ ભેગુ થયું હોય અને જો બેખબરો પેથોફૂવો અર્થહીન ગામગોકીરો ન કરે તો તો ઈ પેથોફૂવો શીનો !



અવસરમાં તો બાપના બોલથી ઈ સખણો રહે જ નહી. ગમે ત્યાંથી વાંકુ શોધી કાઢવાનું અને લખણ સસરાવી અવસરને ઉકરડો બનાવવાના ભગીરથ પ્રયાસ કરવાના જ... આવા સમયે બે ત્રણ પાગિયા મફતની મોજ લેવા માટે હોય જ, અને એમનું કામ આ ફૂવાને હવા ભરવાનું અને અગ્નિમાં ઘી હોમી ભડકો કરવાનું. યજમાનને ફુવાને રિજવવાની ફરજ પાડવાની ''ચોરને કહે ચોરી કર અને ધણીને કહે જાગતો રહેજે. પાગિયાઓનું આ કાયમી કામ.

''આવી ઉબેટને રીજવવાની વાત આવે અને તેની સાથે દલીલ કરવાની બાબતે એક સરસ વાત સાંભળી છે જે અમલમાં મુકવા જેવી ખરી'' એકવાર વાઘ અને ગધેડા વચ્ચે ઘાસ ભૂરૂ કે લીલુ એની બહેસ ચાલી. વાઘ કહે ઘાસ લીલુ હોય જયારે ગધેડો કે ઘાસ ભૂરૂ હોય. આ બાબતે ઉગ્ર વડછડ ચાલી. અંતે બન્નેએ સિંહરાજ પાસે જઈ અને આની સ્પષ્ટતા મેળવવી તેવું નક્કી કર્યું. સિંહ પાસે જઈ આ બહસની વાત કરી. ત્યાર સિંહે કહ્યું કે ઘાસ તો લીલુ જ હોય. પણ આ સાથે સિંહે વાઘને ૧૫ દિવસ બોડની બહાર નહી નીકળવાની સજા કરી. ત્યારે વાઘે પ્રશ્ન કર્યો. ''હું સાચો છું તો મને સજા કેમ?'' ત્યારે સિંહે કહ્યુ કે અહી ઘાસ લીલુ કે ભૂરુ એ ગૌણ છે પણ તને ઈ ખબર હોવી જોઇએ કે ગધેડા સાથે કદી બહેસ ન કરાય. તું ગધેડા સાથે ચર્ચામાં ઉતરયો એની આ સજા છે. એટલે કે ફુવા સાથે કદી વિવાદ માં ન ઉતરવુ. ફૂવાને કોઈ ડાહ્યો માણહ પુછતો કે ફૂવા આવું શું કામ કરો છો ? ત્યારે આ પેથાવએ દર્દિલા સ્વરે તેની વ્યથા વ્યક્ત કરતા કહ્યું કે ''ભાઈ, આપણને હવે કોઈ કાંઈ પુછતું જ નથી.. જો ભાઈ આપણું મહત્વ ન જળવાય તો આ બધુ કરવું જ પડે. શેખીબાજ થઈ ડીંગો હાંકવી પડે. જ્ઞાન હોય કે ન હોય. પણ જ્ઞાનનો ઈલ્મ પૂરા વિશ્વાસથી કોઈની દરકાર કર્યા વિના વાપરવાનો જ. અર્થહીન બુમબરાડા પાડવાના અને સાચુ કે ખોટુ ભઈડે રાખવાનું.. આ બધુ કરો એટલે તમને વગર યોગદાને કેન્દ્ર સ્થાન મળી જાય.. દાખલો આપતા પેથા ફૂવાએ કહ્યું કે ''હું હજી કંઈ નથી કરતો, પેલા પોલિયાના કચરોફૂવો ગમે ત્યા ગામના કે જાહેર કાર્યક્રમમાં મસ મોટી રકમનો આંકડો દાન તરીકે બોલી દેવાનો અને હારતોરા કરાવી લેવાના.. માગે ત્યારે ''હરિઓમ તસ તસ'', હું બેઠો છું''. એવું કહી કહી આવા કયરાફુવાએ ઘણા ને હળવાડી દીધા છે. એના જેવું તો હું તો કઈ નથી કરતો ને... જો કે પેથા ફુવાએ ચોખવટ કરી કે મે હવે આ મદારીના ખેલ ઓછા કરી નાખ્યા છે. કારણ પૂછતા જણાવ્યું કે તાજેતરના એક બે પ્રસંગમાં મારા પેંતરા અને રિહ ફ્લોપ ગઈ.

નવી પેઢીએ હડધૂત કરી નાખ્યો અવસરમાં રિહાણો પણ કોઈ મનાવવા ન આવ્યું અને હું બેધડક અવસરના આનંદથી વંચિત રહી ગયો..તેથી ભીષ્મપ્રતિજ્ઞા કરી કે-''અવસરે સખણું રહેવું, ગામમાં બખાડા કરવા નહી, જ્ઞાનનો ડોળ હરગિજ ન કરવો-'' પૂર્વ ખોયરો અને ખતપટીયો પેથાફૂવા સુધરી જતા એ આજનો ''માનનીય ખેલદિલ પેથાભાઈ'' ગણાય છે.

# રાજકોટના ૪ યુવાનોને ભાજપ શહેરમાં નિમણુંક

## ચારેય યુવાનો જીએચપી ગ્રુપમાં સક્રિય છે

રાજકોટ ગુર્જર સુતાર જ્ઞાતિના ચાર યુવાનોને ભારતીય જનતા પક્ષે સ્થાન આપ્યું છે.

### અમિત બાવળેચા



વર્ષોથી ગુર્જર સુતાર જ્ઞાતિની સેવા કરતા રહેવાની સાથે ભાજપમાં રહીને સમાજની સેવા કરતા રહેલા અમિત બાવળેચાને રાજકોટ મહાનગર ભાજપના સોશ્યલ મીડિયા સેલમાં સહઇન્ચાર્જ બનાવ્યા છે. ફર્નીચરના વ્યવસાય સાથે સંકળાયેલા અમિત બાવળેચા ૧૦ વર્ષથી ભાજપમાં સક્રિય છે. તેઓ વોર્ડમાં બુથ પ્રમુખ, શકિત કેન્દ્ર પ્રભારી, શકિત કેન્દ્ર પ્રમુખ યુવા મોરચા કારોબારી સભ્ય, વિધાનસભા ૭૦ના સોશ્યલ મીડિયા સહઇન્ચાર્જ તરીકે રહી ચુકયા છે. તેઓ ગુજરાત પ્રદેશ બક્ષીપંચ મોરચા આઇટી સેલ કન્વીનર તરીકે કાર્યરત છે. તાજેતરમાં તેમને શહેર પ્રમુખ માધવ દવેએ રાજકોટ મહાનગર ભાજપ સોશ્યલ મીડિયા સેલમાં સહ ઇન્ચાર્જ તરીકે નિમણુંક આપી છે.

### જય વડગામા



રાજકોટમાં ફર્નીચરના વ્યવસાય સાથે સંકડાઇને સાથોસાથ સમાજની સેવા સાથે ભારતીય જનતા પક્ષમાં ૧૨ વર્ષથી કાર્યરત એવા જય વડગામાને ભારતીય જનતા પક્ષના શહેર પ્રમુખ માધવ દવેએ શહેર કારોબારીમાં (સોશ્યલ મીડિયા)ને સ્થાન આપ્યું છે. તેઓએ વિધાનસભા ૭૦માં પણ કામગીરી બજાવી છે.

### કુલદીપ અંબાસણા

રાજકોટમાં વર્ષોથી ભારતીય જનતા પક્ષમાં કાર્ય કરી રહેલા કુલદીપ અંબાસણાની વિધાનસભા ૭૦માં સોશ્યલ મીડિયા ઇન્ચાર્જ તરીકે ભારતીય જનતા પક્ષે નિમણુંક કરી છે.



કુલદીપ અંબાસણાએ આ પહેલા વોર્ડ નં. ૧૩માં બક્ષી પંચ મોરચાની કારોબારીમાં હતા, ત્યારબાદ સોશ્યલ મીડિયા ઇન્ચાર્જ તરીકે, શકિત કેન્દ્રના ઇન્ચાર્જ તરીકે કાર્યરત હતા. રાજકોટ શહેર બક્ષીપંચ મોરચામાં સોશ્યલ મીડિયામાં પણ ફરજ બજાવી છે. વિધાનસભા ૭૦માં સોશ્યલ મીડિયા ઇન્ચાર્જ પણ તેઓ છે.

### દીપેશ સાંકડેચા




ગુર્જર સુથાર યુવાન દીપેશ સાંકડેચાને ભારતીય જનતા પક્ષના શહેર પ્રમુખ માધવ દવેએ વિધાનસભા ૭૦માં સોશ્યલ મીડિયા સહઇન્ચાર્જ તરીકે નિમણુંક આપી છે.

ફર્નીચર અને શાઇનબોર્ડના વ્યવસાય સાથે સાથે સંકળાયેલ દીપેશ સાંકડેચા વર્ષોથી ભાજપમાં કાર્યરત છે. દીપેશ સાંકડેચા વોર્ડ નં. ૧૮માં કારોબારીમાં તેમજ જીલ્લામાં સોશ્યલ મીડિયા સહકન્વીનર તરીકે ફરજ બજાવી ચુકયા છે. દીપેશ સાંકડેચા વિશ્વકર્મા યુવા સોશ્યલ ગ્રુપ નામથી ફેસબુક પર સક્રિય છે અને ૩૦ હજારથી વધુ ફોલોઅર્સ ધરાવે છે.

ભાજપમાં નિમણુંક પામેલા આ ચારેય યુવાનો ગુર્જર સુતાર હિતેચ્છુ પરિવાર (જીએચપી)માં કાર્યરત છે. આ ચારેય યુવાનોને જીએચપીના પ્રમુખ યોગીનભાઇ છનિયારા, અરવિંદભાઇ ગજ્જર, હિરેન કલોલીયા, અલ્પેશ ખંભાયતા, સંદીપ સાંકડેચા, જયદીપ કરગથરા, ખુશાલ મહેમદાવાદીયા, જયેશ મહેમદાવાદીયા, મુકેશભાઇ પંચાસરા સહિતનાઓએ શુભેચ્છા પાઠવી છે.

# અમદાવાદ ભાજપમાં નિમણુંક






**કૃનાલ બદ્રકીયા** **હિરેનભાઈ મિસ્ત્રી** **નીરવભાઈ પંચાલ** **શ્રેયાબેન ગજજર**

અમદાવાદમાં મણીનગર વિસ્તારમાં સમાજમાં સારી કામગીરી કરતા રહેલા યુવાન એવા કૃનાલ બદ્રકીયાની ભારતીય જનતા પાર્ટી કર્ણાવતી મહાનગર(ઓબીસી) બક્ષીપંચ મોરચાના શહેર કારોબારી સભ્ય તરીકે નિમણુંક કરવામાં આવી છે. તેમની નિમણુંકને સમાજે આવકારી અભિનંદન આપ્યા છે.

આજ પ્રમાણે હિરેનભાઇ મિસ્ત્રીને ભારતીય જનતા પાર્ટી કર્ણાવણી મહાનગર (ઓબીસી) બક્ષીપંચ મોરચાના કોષાધ્યક્ષ તરીકે નિમણુંક આપી છે.

આજ પ્રમાણે મુળ બનારસકાંઠા જીલ્લાના અને હાલ અમદાવાદ રહેતા નીરવભાઇ પંચાલની કર્ણાવતી મહાનગરના બક્ષીપંચ મોરચાના મંત્રી તરીકે નિમણુંક કરવામાં આવી છે. નિરવભાઇ ૨૦૦૯થી ભાજપમાં સક્રિય છે અને વિવિધ હોદ્દા પર ફરજ બજાવી ચુકયા છે.

આ ઉપરાંત અમદાવાદના રામોલ-હાથીજણ વિસ્તારમાં સમાજ સેવા સાથે કાર્યરત શ્રી શ્રેયાબેન ગજજરને રામોલ-હાથીજણ વોર્ડમાં ઉપપ્રમુખ તરીકે ભારતીય જનતા પક્ષે નિમણુંક કરી છે.

# પ્રતિષ્ઠિત બી.આર. ભાલાળા લોકશાળા કેમ્પસ ડાયરેકટર તરીકે નવીનભાઇ પાટડીયા



વર્ષો સુધી દુરદર્શનમાં ફરજ બજાવી નિવૃત્ત થઇ સતત સમાજ સેવા કરતા રહેલા નવીનભાઇ પાટડીયાની ભાવનગર જીલ્લામાં પાલીતાણા તાલુકામાં દુધાળા ખાતે આવેલ વિશાળ એવા બી.આર. ભાલાળા લોકશાળા સંકુલના નિયામક તરીકે નિમણું કરી છે. પાંચસો એકર વિશાળ પટના આ સંકુલમાં ૯ થી ૧૨ ધોરણની હાઇસ્કુલ, બક્ષી પંચ માન્ય કુમાર છાત્રાલય, બક્ષીપંચ માન્ય કન્યા છાત્રાલય, ગૌશાળા, બેજર જમીનમાં ઘાસચારાનું વાવેતર જેવી પ્રવૃત્તિ ધમધમે છે.

નવીન પાટડીયા નાનપણથી આરએસએસમાં જોડાયેલા છે. વિદ્યાર્થીકાળમાં ગોંડલ અને કોટડા સાંગાણીમાં વિસ્તારક તરીકે કામગીરી કરી ચુકયા છે. કચ્છ ભુકંપ વખતે તેમણે રાપર તાલુકામાં સંઘ પ્રેરીત સેવા ભારતી દ્વારા સેવા કાર્ય પણ કરેલ. દુરદર્શનમાં ફરજ દરમ્યાન પ્રસંશનીય કામગીરી બદલ હાલના ગૃહમંત્રી અમિત શાહ દ્વારા પ્રશંસા પણ થયેલ. ઉદ્‌ઘોષ ક્રાંતિવીર સંસ્થામાં પણ સક્રિય રહયા. ગુર્જર સુતાર જ્ઞાતિના ગજજર સર્વિસ ગ્રુપમાં તે ૧૯૮૬થી સક્રિય છે. સંઘ શિક્ષણ વર્ગમાં પ્રબંધક તરીકે કામગીરી કરી હાલના વડાપ્રધાનની પ્રશંસા પામી ચુકયા છે. તેઓ જીએચપી ગ્રુપ સહિતની અનેક સંસ્થા સાથે રહી ધાર્મિક સાંસ્કૃતિક પ્રવૃત્તિ કરી છે.

# અમદાવાદના રાઓલ-હાથીજણ વોર્ડના
# મહિલા મોરચાના મહામંત્રી તરીકે ભાવીની સંચાણીયા

## ભાવિની રાજકોટના હસુભાઇ કરગથરાની પુત્રી છે



અમદાવાદમાં વટવા વિધાનસભામાં રામોલ હાથીજણ વોર્ડના મહિલા મોરચાના મહામંત્રી તરીકે ભાવિની ચેતસભાઇ સંચાણીયાની નિમણુંક થતા અમદાવાદ સુથાર સમાજમાં આનંદની લાગણી વ્યાપી છે.

ભાવીની રાજકોટના કરગથરા પરિવારના અગ્રણી હસુભાઇ અને દક્ષાબેન કરગથરાની સુપુત્રી છે અને ગુર્જર સુતાર જ્ઞાતિના મંત્રી પ્રદીપભાઇ કરગથરાની ભત્રીજી છે. ભાવિની અમદાવાદની ભુલાભાઇ-ગીતામંદિર સંસ્થામાં વર્ષોથી સેવા કરે છે. ખાસ કરીને મહિલાઓના ઉત્કર્ષ માટે સદાય તત્પર હોય છે.

ભાવિનીને નેતૃત્વ અને સેવાકીય વારસા નાનપણથી જ મળ્યો પરણીને અમદાવાદ ગયા પછી પતિ ચેતસભાઇ, તેના સસરા સ્વ. મનસુખભાઇ અને મંજુલાબેન પણ ભાવિનીના નેતૃત્વ અને સેવાકીય પ્રવૃત્તિને પ્રોત્સાહન આપ્યું. તેમના નેતૃત્વ અને સેવાની ભાવનાને ધ્યાનમાં લઇ ૨૦૨૦માં ભાજપમાં જોડાયેલ ભાવીનીને ભાજપના આગેવાનોએ ૬ મહિનામાં જ વોર્ડમાં મહિલા મોરચાના મંત્રી બનાવ્યા. તેમની કામગીરીને ધ્યાનમાં ભારતીય જનતા પક્ષના મોવડીઓએ તેમને મંત્રીમાંથી પ્રમોશન આપી વોર્ડના મહામંત્રી બનાવી છે.

ભાવીની તેના પતિ સાથે ૨૦૧૭થી અમદાવાદમાં ત્રણ બેઠક સોડાશોપ ધરાવે છે. ન્યુ મણીનગર, મણીનગર અને ગોરના કુવા પાસે આવેલ ત્રણેય બેઠક શોપ માટેના મસાલા જાતે જ તૈયાર કરે છે.

ભાવીની વોર્ડમાં મહામંત્રી બનતા યુવક સંઘના પ્રમુખ ધર્મેન્દ્ર દેવળીયા, વાડજ પ્રમુખ શાંતિભાઇ ખોડદીયા, વેજલપુરના પ્રમુખ રમેશભાઇ તલસાણિયા, મણીનગરના જીતેન્દ્રભાઇ ગજ્જર સહિતના મહાનુભાવો, ભાનુબેન સહિતના મહિલા આગેવાનોએ તેમને અભિનંદન આપી અને ભાવીની પ્રગતિના સોપાન સર કરતી રહે તેવી શુભકામના વ્યકત કરી છે. ભાવીની સંચાણીયા નિમણુંકને વધાવી વિશ્વકર્મા વિશ્વ પરિવારે પણ તેમને શુભેચ્છા આપી છે.

---

# બક્ષીપંચ મોરચો(બીજેપી) સુરતના મંત્રી તરીકે અજય સોંડાગર નિમાયા

## અજય સોંડાગર જ્ઞાતિ મંડળના ટ્રસ્ટી અને મોટીવેશનલ સ્પીકર છે



શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુથાર જ્ઞાતિ મંડળ સુરતના ટ્રસ્ટી તરીકે કાર્યરત અજય સોંડાગરને બક્ષીપંચ મોરચો ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગરના મંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવતા સમગ્ર સુથાર સમાજ સહિત વિશ્વકર્મા સમાજના આગેવાનોએ શુભેચ્છાઓ અર્પણ કરી અભિનંદન પાઠવ્યા છે. જાણીતા સ્ટેજ એન્કર અને મોટીવેશનલ સ્પીકર તરીકે સમગ્ર ગુજરાતના મોટાભાગના જીલ્લા અને શહેરોમાં પોતાનું વક્તવ્ય આપી ચૂકેલા અજય સોંડાગર છેલ્લા ઘણા વર્ષોથી ભારતીય જનતા પાર્ટી સાથે વફાદારીપૂર્વક જોડાયેલ છે અને દરેક ચૂંટણીઓમાં પણ સક્રિય ભૂમિકા નિભાવી છે અને સાથે સાથે સુરત મહાનગરના પુણા પશ્ચિમ વોર્ડના બક્ષીપંચ મોરચાના પ્રમુખ તરીકે પણ ભૂતકાળમાં કામગીરી કરી ચુક્યા છે ત્યારે તેમની કામગીરીની નોંધ લઈ ભાજપના મોવડી મંડળે સુથાર સમાજના પ્રતિનિધિ તરીકે અજય સોંડાગરને મંત્રી તરીકે નિયુક્ત કરી સમગ્ર સમાજને ખુશ કર્યો છે. વિવિધ સમાજ અને અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા અજય સોંડાગરશ્ના વિવિધ કાર્યક્રમો અને વક્તવ્યની નોંધ અત્યાર સુધીમાં ૬૫૦ કરતા વધારે વખત નામાંકિત અખબારોમાં લેવાઈ ચુકી છે અને જાણીતી ટી.વી. ચેનલોમાં પણ ૪૦૦ કરતા વધારે વખત નોંધ લેવાઈ ચુકી છે. આમ પોતાની વિશેષ કાર્યશૈલી અને પાર્ટીમાં આપેલા યોગદાન બદલ નોંધ લઈ તેમની શહેર મંત્રી તરીકે નિમણુંક કરવામાં આવતા શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુથાર જ્ઞાતિ મંડળ સુરત, શ્રી વિશ્વકર્મા સત્સંગ મંડળ સુરત, શ્રી વિશ્વકર્મા કેળવણી મંડળ સુરત, શ્રી વિશ્વકર્મા મહિલા મંડળ સુરત, શ્રી ઇલાચલ મહિલા મંડળ સુરત, શ્રી વિશ્વકર્મા ટિફિન સેવા મંડળ સુરત સહિત વિશ્વકર્મા સમાજના વિવિધ જ્ઞાતિના આગેવાનો, વૈષ્ણવ સમાજ સહિત વિવિધ ધાર્મિક સંસ્થાઓ સહિત અનેક લોકોએ શુભકામનાઓ અર્પણ કરી ગર્વની લાગણી અનુભવી છે આમ અજય સોંડાગરની નિયુક્તિ ને સૌ એ હર્ષભેર આવકારી અભિનંદન પાઠવ્યા છે.

# મણીનગર વિશ્વકર્મા બાગના પ્રમુખ તરીકે હસમુખભાઇ શંખલપરા





અમદાવાદમાં આવેલ ગુર્જર સુતાર સમાજ મણીનગર વિશ્વકર્મા બાગના સદસ્યોની શ્રી હસમુખભાઇ પનારાના અધ્યક્ષ સ્થાને મળેલ સામાન્ય સભામાં નવા પ્રમુખ તરીકે શ્રી હસમુખભાઇ શંખલપરાને બહુમતીથી વિજેતા જાહેર કરાયા હતા. સંસ્થાની યોજાયેલ ચુંટણીમાં ચીકી દ્વારા મતદાન કરવામાં આવ્યું હતું. જેમાં હસમુખભાઇ શંખલપરાને ૧૨૯ મત મળ્યા હતા. જ્યારે તેના હરીફ ઉમેદવાર રાજુભાઇ ચાંપાનેરાને ૭૭ મત મળતા હસમુખભાઇ પનારાએ હસમુખભાઇ શંખલપરાને વિજેતા જાહેર કરાયા હતા. હસમુખભાઇ શંખલપરાએ સંસ્થામાં ઉપપ્રમુખ પદે રહી કારકિર્દી શરૂ કરી હતી. ૨૦૦૫ થી ૨૦૦૮ ઉપપ્રમુખ રહયા બાદ ૨૦૦૮થી તેઓ પ્રમુખ બન્યા હતા અને ૨૦૨૩ સુધી પ્રમુખપદે રહયા બાદ જાતે જ પ્રમુખપદ છોડયું હતું અને જીતેન્દ્રભાઇ પ્રમુખ બન્યા હતા. તેમની મુદ્દત પુરી થતા સમાજે હસમુખભાઇ શંખલપરાને પુનઃ નેતૃત્વ સંભાળવાનો આગ્રહ કર્યો હતો અને તેઓ ફરી પ્રમુખ પદે બહુમતીથી ચુંટાયા હતા. તેમણે ૧ એપ્રિલથી પોતાનો ચાર્જ સંભાળી લીધો છે. તેમને પોતાની ટીમ પણ બનાવી છે. જેમાં તેઓએ યોગ્ય લોકોને સ્થાન આપ્યું છે.

શ્રી હસમુખભાઇ શંખલપરા આ પહેલા પ્રમુખ હતા ત્યારે શરૂઆતમાં છાપરૂ હતું તેની જગ્યાએ બિલ્ડીંગ બનાવ્યું. હોલ પણ બનાવ્યો હતો. બિલ્ડીંગ સોલારથી સજજ કર્યું હતું. અને જરૂરી તમામ સુવિધાઓ ઉભી કરી હતી. શ્રી હસમુખભાઇ શંખલપરા ફરીથી પ્રમુખ બનતા ઉપસ્થિત પ્રમુખો ધર્મેન્દ્રભાઇ દેવળીયા, રમેશભાઇ તલસાણિયા, શાંતિભાઇ ખોડદીયા, પૂર્વ પ્રમુખ જીતેન્દ્રભાઇ સંચાણીયા, ચંદુભાઇ ભાલારા, શ્રી ઘનશ્યામભાઇ વણોદરીયા સહિતના મહાનુભાવોએ તેમનું સન્માન કર્યું હતું. શ્રી હસમુખભાઇ શંખલપરાએ પ્રમુખની જવાબદારી આપવા બદલ સમાજ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી અને સમાજના સર્વાંગી વિકાસ માટે પોતાની કટીબદ્ધતા વ્યક્ત કરી હતી.

# બેક ચાર દોસ્ત


## (અછાંદસ)





દિક્ષીતા ઘોરેચા

અંતરનું દુઃખ માપે એવા બે ચાર વૈદ્ય મે રાખ્યા છે,
મારા માટે સુખની પ્રાર્થના કરતા એવા બેક ચાર દોસ્ત મે રાખ્યા છે...
રૂપિયામાં નહિ પણ જેને અઘરી પરિસ્થિતિઓમાં ભાગ પડાવ્યો છે, એવા સાચા અર્થમાં ભાઈ (ભાઈબંધ)મે રાખ્યા છે. એવા...
હાઈ હેલ્લો નહિ સીધુ મારુ મોઢુ જોતા કેમ મૂંઝાયેલો છો?
એવું પૂછનાર મે બેક જ્યોતિષ રાખ્યા છે, એવા...
ધોખાધડી જેવું કાઇ નામોનિશાન નથી,
એવા સુખ દુઃખની ઉઝવણી કરવા બેક સબંધો રાખ્યા છે.. એવા...
વગર ખર્ચે મગજનો થાક ઉતારી આપે,
એવા બેક સાયકલોજીસ્ટ મે રાખ્યા છે.
એવા....
નથી ખુલ્લો પડ્યો ક્યારેય હું મારી સાથે ,
પણ હું અંદર છું એવો વર્તાવ એવા બેક અરિશા મે રાખ્યા છે.એવા....
ખૂબ વ્યસ્ત પણ ખાલી એટલું કીધે કે,જલ્દી આવ,
ત્યાં પડખે ઉભે એવા ૧૦૮ મે રાખ્યા છે.એવા...
નથી ભણેલા બવ કે ડિગ્રી વાળા, પણ જીવન દરેક ડગરી એ સાચું ભણાવતા બેક માસ્તર મે રાખ્યા છે.એવા...
અંતર દુઃખ માપે એવા....



## ગુર્જર સુતાર હિતેચ્છુ પરિવાર પ્રેરિત

# નારી શકિત ગ્રુપ દ્વારા મહિલા દિને પ્રતિભાશાળી મહિલાઓનું સન્માન

સમતા પાર્થ ભાડેશીયા







શ્રી ગુર્જર સુતાર હિતેચ્છુ પરિવાર પ્રેરીત નારી શકિત ગ્રુપ દ્વારા વિશ્વ મહિલા દિવસ નિમિત્તે સમાજના વિવિધ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરી હોય તેવી પ્રતિભાશાળી નારીઓનું સન્માન કરવાનો એક કાર્યક્રમ ગુર્જર સુતાર પ્રગતિ મંડળ ખાતે નારી શકિતના પ્રમુખ કિરણબેન વડગામાના નેતૃત્વમાં કરવામાં આવ્યો હતો. જેમાં આમંત્રીત મહેમાનો તરીકે મેયર નયનાબેન પેઢડીયા, પોલીસ અધિકારી હેતલબેન પટેલ, કોર્પોરેટર જયાબેન ડાંગર, સોનલબેન સોલારા તેમજ અતિથિ વિશેષ તરીકે પૂર્વ પ્રિન્સીપાલ ડો. જયાબેન ચાવડા અને બ્રહ્માકુમારી કેન્દ્રના અંજુ દીદી ઉપસ્થિત રહયા હતા.

દીપ પ્રાગટ્ય બાદ મહેમાનોના હસ્તે પ્રતિભાશાળી નારીઓનું સન્માન થયુ જેમાં અમદાવાદના હંસાબેન ગજ્જર (કોકીલ કંઠી ગાયિકા), રીટાયર્ડ પોલીસ કલાર્ક રીટાબેન પંચાસરા, આસી. પ્રો. કૃતિબેન દશાડીયા, ડો. હિરલબેન ભાડેશીયા, કવયિત્રી જશુબેન બકરાણીયા, પત્રકાર ધારા નગેવાડીયા, ઇન્ટી. ડીઝાઇનર વૈષ્ણવીબેન વડગામા, એંકર ગીતા વઘાડીયા, આર્ટીસ્ટ રિદ્ધિ ધ્રાંગધરીયા, એડવોકેટ મેઘાવી ગજ્જર, હોકી પ્લેયર આરતી પંચાસરા, નૃત્યકાર ક્રિના સીતાપરા, આર્ટીસ્ટ દીયા સુરેલીયા, આર્ટીસ્ટ નેહા નગેવાડીયા, આર્ટીસ્ટ શીતલ બાસોપીયા, શિવાની ધ્રાંગધરીયા, અને બી.ફાર્મમાં ગોલ્ડ મેડાલીસ્ટ હિનલ વઘાડીયાનો સમાવેશ થાય છે.

સાથોસાથ જીએચપી દ્વારા યોજાતા આદર્શલગ્નમાં બ્યુટીપાર્લરની અને મહેંદીની વિનામુલ્યે સેવા આપતી બહેનો વંદનાબેન ગજ્જર, દક્ષાબેન ગજ્જર, ઉમંગીબેન ગજ્જર, કિંજલબેન ગજ્જર, ઉર્મીબેન ગજ્જર, હિતાક્ષી ગજ્જર અને મિતલ કરગથરાનો સમાવેશ થાય છે.

પોલીસ અધિકારી હેતલબેન પટેલ, મેયર નયનાબેન પેઢડીયા અને ડો. જયાબેન ચાવડાએ પ્રાસંગીક ઉદબોધનમાં વિશ્વ મહિલા







**મેયર નયનાબેન, પોલીસ અધિકારી હેતલબેન પટેલ, અંજુ દીદી એન ડો. જયાબેન ચાવડાની ઉપસ્થિતિ**







દિવસ નિમિત્તે નારી શકિતનું સન્માન કરવા બદલ જીએચપી નારીશકિત ગ્રુપને અભિનંદન આપવાની સાથોસાથ બહેનોને નીડર બનવાની શીખ આપી હતી.

### હેતલબેન પટેલ

પોલીસ અધિકારી હેતલબેન પટેલે બહેનોને ઉદ્‌બોધન કરતા કહયું કે, બહેનોએ ડીઝીટલ એરેસ્ટથી બચવું જોઇએ. તેમણે કહયું કે, બહેનો જયારે મુશ્કેલીમાં મુકાય ત્યારે પોલીસનો અવશ્ય સંપર્ક કરવો જોઇએ. બહેનોની સમસ્યાનો હલ કરવા માટે ખાસ સેલ ઉભા કર્યા છે તેનો ઉપયોગ કરવો જોઇએ. તેમણે બહેનોને આત્મનિર્ભર બનવાની શીખ આપવાની સાથોસાથ એમ પણ કહયુ કે, બહેનો અબળા છે તે વાત જ ખોટી છે. બહેનો સબળા જ છે. અને ગમે તેવી વિકટ પરિસ્થિતિનો સામનો કરવા હંમેશા તૈયાર જ હોય છે તેમ જણાવી બહેનોને જયારે પણ જરૂરીયાત ઉભી થાય ત્યારે સંપર્ક કરવા અપીલ કરી હતી.

### અંજુ દીદી

બ્રહ્માકુમારી અંજુદીદીએ જીવનમાં શકિત, પ્રેમ, આનંદ, પવિત્રતાનું મેચીંગ કરવાની શીખ આપતા કહયું કે, બહેનો પાસે જ્ઞાનનો ભંડાર છે. આ જ્ઞાનના ઉપયોગથી જીવન મંગલમય બનાવી શકાય છે. તેમણે જુનુ ભુલી જવાની આદત કેળવવાની શીખ આપતા કહયું કે, નવા દિનની શરૂઆત નવા વિચારોથી કરવી જોઇએ. જુનુ યાદ ન કરીએ તો ઘણો બધો બોજ હળવો કરી શકાય છે. તેમણે જણાવ્યું કે, શરીર મંદિર છે, અને આત્મા દેવ છે આવી સમજણ કેળવાશે તો ઘણી સમસ્યાનું નિરાકરણ થઇ જશે.

### નયનાબેન પેઢડીયા

રાજકોટના મેયર નયનાબેન પેઢીયાએ કહયું કે, નર અને નારાયણ સિકકાની બે બાજુ જેવા છે. પતિ-પત્નીના પૈડા સાથે રહેશે તો જીવનરથ કોઇજાતની મુશ્કેલી વગર અગાળ વધતો રહેશે. સ્ત્રીએ ઘરનો પાયો છે અને રાષ્ટ્ર આધારશીલા છે. સ્ત્રી મજબુત હશે તો રાષ્ટ્ર પણ મજબુત બનશે.

### ડો. જયાબેન ચાવડા

પૂર્વ પ્રિન્સીપાલ જયાબેન ચાવડાએ નારી શકિતનું મહત્વ સમજાવી કહયું કે આજે બહેનો દરેક ક્ષેત્રમાં આગળ વધી રહી છે. જે ક્ષેત્રો પર પુરૂષોનું પ્રભુત્વ રહેતું હતું તેવા ક્ષેત્રોમાં પણ બહેનોએ પોતાનું નામ કાઢયું છે. તેઓએ બહેનોને નીડર અને આત્મનિર્ભર બનવાની પણ શીખ આપી હતી.

જીએચપી ગ્રુપના યોગીન છનિયારા અને અરવિંદભાઇ ગજજરે ગ્રુપ દ્વારા થતા આદર્શ લગ્ન સહિતના કાર્યક્રમોની વિગત આપી ભાવિ આયોજનની રૂપરેખા આપી હતી. અને બહેનોને જીએચપી દ્વારા થતા આયોજન સાથે વધુમાં વધુ બહેનોને જોડાવા આમંત્રણ આપ્યું હતું.

નારી શકિત ગ્રુપના પ્રમુખ કિરણબેન વડગામાએ ગ્રુપ દ્વારા બહેનોના ઉત્કર્ષ માટે થયેલા કાર્યક્રમથી બહેનોને વાકેફ કરી ભાવિ આયોજનની જાણકારી આપી હતી અને વધુમાં વધુ સહકાર મળશે તેવી અપેક્ષા વ્યકત કરી હતી.

જીએચપી નારી શકિત પાંખના કાર્યક્રમના આયોજનને સફળ બનાવવા પ્રમુખ કિરણબેન વડગામાના નેતૃત્વમાં અમિષાબેન જાદવાણી, વર્ષાબેન અંબાસણા, ઉર્વશીબેન ગજ્જર, પ્રિતીબેન તલસાણીયા, દેવાંગીબેન ગજ્જર, જાગૃતિબેન પાટડીયા, કિરણબેન વધાડિયા, કિરણબેન આમરણીયા, ઈલાબેન સંચાણીયા, કુંદનબેન ગોંવિદિયા અને ચાંદની ગજજરએ સહયોગ આપ્યો હતો. કાર્યક્રમનું સંચાલન ચાંદની ગજજરે કર્યું હતું.

# રાજકોટમાં યોજાયો સાયબર જાગૃતિ કાર્યક્રમ – ડિજિટલ યુગમાં સાવચેતી જ સૌથી મોટી સુરક્ષા

શ્રી વિશ્વકર્મા કેળવણી મંડળ ખાતે તારીખ : ૧૫ માર્ચ ૨૦૨૬ ના રોજ સાયબર જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પ્રખ્યાત સાઈબર સિક્યોરિટી એક્સપર્ટ અને માઈક્રોસોફ્ટ સર્ટિફાઇડ એથિકલ હેકર (ગુજરાતમાં પ્રથમ અને ભારતભરમાં દ્વિતીય સ્થાન મેળવનાર) શ્રી ચેતનભાઈ બારસોપિયા દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે તેમના ૧૭ વર્ષના સાઇબર સિક્યોરિટી ક્ષેત્રના અનુભવોના આધારે સમજાવ્યું કે આજના સમયમાં ઠગો કેવી રીતે લોકોને છેતરે છે અને આવા સાયબર ગુનાઓથી બચવા માટે શું તકેદારી રાખવી જોઈએ.

કાર્યક્રમ દરમિયાન Cyber Yodha - Protecting Every Indian from Digital Threats વિષય પર લોકોને વધતા સાયબર ગુનાઓ વિશે જાગૃત કરવામાં આવ્યા.

ડિજિટલ યુગમાં વધતા ઠગાઈના નવા પ્રકારો, સોશિયલ મીડિયા દ્વારા થતા ગુનાઓ, મહિલાઓને ટાર્ગેટ કરતી સાઈબર ક્રાઇમ પદ્ધતિઓ અને પોતાની સુરક્ષા માટે લેવાની જરૂરી સાવચેતી વિશે વિગતવાર સમજાવવામાં આવ્યું.

સેમિનારમાં જણાવ્યું કે આજના સમયમાં લગભગ દરેક વ્યક્તિ મોબાઇલ અને ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે, પરંતુ સુરક્ષા અંગેની જાણકારી ઓછી હોવાના કારણે લોકો સરળતાથી સાયબર ઠગાઈનો ભોગ બને છે. Cyber Yodha બનવાનો અર્થ એ છે કે દરેક વ્યક્તિ પોતે સુરક્ષિત રહે અને બીજા લોકોને પણ સુરક્ષિત રહેવા માટે માર્ગદર્શન આપે.



**ચેતન બારસોપિયા**
**(સાઇબર સિક્યોરિટી એક્સપર્ટ, એથિકલ હેકર)**

સોશિયલ એન્જિનિયરિંગ વિશે સમજાવતા જણાવાયું કે હેકર ક્યારેય સીધું સિસ્ટમ નથી તોડતો, પરંતુ માણસને જ ભુલમાં મુકી તેની પાસેથી OTP, પાસવર્ડ અથવા પૈસા મેળવી લે છે. આજકાલ Digital Arrest નામની નવી ઠગાઈ પણ વધી રહી છે, જેમાં ઠગ લોકો પોલીસ અથવા સરકારી અધિકારી બનીને વીડિયો કોલ પર ડરાવીને પૈસા માંગે છે.

સેમિનારમાં ઇન્શ્યોરન્સ સ્કેમ, લોન સ્કેમ, ફેક જોબ ઓફર, વોટ્સએપ મેસેજ દ્વારા થતી ઠગાઈ, ગિવઅવે સ્કેમ અને સોશિયલ મીડિયા પરની ખોટી લિંક્સ દ્વારા થતા ગુનાઓ વિશે પણ લોકોને ચેતવણી આપવામાં આવી.

મહિલાઓ માટે ખાસ માર્ગદર્શન આપતા જણાવાયું કે સાયબર ક્રાઇમમાં મહિલાઓ વધુ ટાર્ગેટ બને છે. સોશિયલ મીડિયા પર વધારે સક્રિયતા, અજાણ્યા લોકો પર વિશ્વાસ અને વ્યક્તિગત માહિતી શેર કરવાના કારણે ઓળખ ચોરી, ડીપફેક વિડિયો, બ્લેકમેલિંગ અને ફેક લવ સ્કેમ જેવા ગુનાઓ વધી રહ્યા છે. મહિલાઓને સેફ્ટી એપ્લિકેશનનો ઉપયોગ કરવા, પ્રાઇવસી સેટિંગ્સ સાચી રાખવા અને અજાણ્યા લોકો પર વિશ્વાસ ન કરવા સલાહ આપવામાં આવી.

આ ઉપરાંત AI Voice Cloning, ATM Skimming, QR Code Scam, Free WiFi Trap, Bluetooth Hacking, Webcam Hacking, SIM Swap Fraud, AEPS Fraud A_¡ Fake Tech Support જેવી આધુનિક ઠગાઈ પદ્ધતિઓ વિશે જીવંત ઉદાહરણો સાથે સમજાવવામાં આવ્યું.

કાર્યક્રમના અંતમાં મહત્વપૂર્ણ સંદેશ આપવામાં આવ્યો કે હેકર એટલો સ્માર્ટ નથી જેટલા આપણે બેદરકાર બનીએ છીએ.ડિજિટલ યુગમાં સુરક્ષિત રહેવા માટે જાગૃતિ, સાવચેતી અને યોગ્ય માહિતી જ સૌથી મોટી શક્તિ છે.

અંતમાં સૌને સાયબર યોધ્ધા બની પોતાને અને સમાજને ડિજિટલ ગુનાઓથી બચાવવાનો સંદેશ આપવામાં આવ્યો.

### સેમિનાર સારાંશ Cyber Yodha

૧. Cyber Yodha કેમ જરૂરી છે ?

સેમિનારની શરૂઆતમાં સમજાવવામાં આવ્યું કે આજના સમયમાં દરેક માણસ મોબાઈલ, ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયા વાપરે છે, પરંતુ સુરક્ષા વિશે જાગૃતિ ઓછી છે.

મુખ્ય મુદ્દાઃ ભારત વિશ્વમાં સૌથી ઝડપી ડિજિટલ દેશોમાંથી એક છે, પરંતુ cyber crime પણ ઝડપથી વધી રહ્યો છે, દરેક વ્યક્તિએ Cyber Yodha બનવું જરૂરી છે.

અર્થઃ Cyber Yodha = જે પોતે સુરક્ષિત રહે અને બીજાને પણ સુરક્ષિત રાખે

૨. Social Engineering શું છે ?

Social Engineering એટલે માણસને ફસાવીને તેની પાસેથી માહિતી અથવા પૈસા લેવાં Hackers software નથી તોડતા

Hackers માણસને તોડે છે

Examples: OTP માંગવો, બેંક બનીને ફોન કરવો, WhatsApp પર મેસેજ મોકલવો, Fake link મોકલવો

સંદેશ: તમારી માહિતી તમે આપો તો જ hacker જીતે

૩. Digital Arrest Scam

આ નવા પ્રકારનો તભફળ છે. Scammer કહે: તમે crimeમાં ફસાયા છો, તમારૂં account block થશે.
police case થશે. પછી કહે: Video call કરો, પૈસા ટ્રાન્સફર કરો. account check માટે OTP આપો.

સત્ય: કોઈ પણ police video call પર arrest નથી કરતી

૪. Insurance / Loan Scam

Fake call આવે: Loan approve, Insurance bonus, policy refund. પછી કહે: processing fee આપો, OTP આપો અને પૈસા ચોરી જાય

૫. Fake Job Scam

ખાસ કરીને students અને unemployed લોકોને target કરે છે. Steps: WhatsApp / Email પર job offer, registration fee, training fee, document fee અને પછી job નથી

૬. WhatsApp Missing Person Scam

Message આવે: ''આ છોકરી ગુમ છે, please share'' તમે forward કરો પણ photo hackerની હોય. Forward કરવાથી data collect થાય.

૭. Giveaway Scam

Instagram / Facebook પર Free iPhone, Lucky draw, Gift , Link click - data steal



૮. Women Cyber Security (મહિલાઓ માટે ખાસ સત્ર)

સેમિનારમાં ખાસ મહિલાઓ માટે સમજાવ્યું પેઇજ ૧૧ મુજબ: ૧ માંથી ૫ મહિલા સાયબર ક્રાઇમનો શિકાર બને છે

પેઇજ ૧૨ મુજબ: ૫૫% identity theft victims women

પેઇજ ૧૩ મુજબ: ૬૦% ransomware attacks women target

પેઇજ ૧૪ મુજબ: ૯૫% deepfake videos women

કારણ: Social media વધુ use, trust વધુ, privacy ઓછું

૯. Fake Love / Dating Scam

Fake profile બનાવે, Friend request મોકલે, Love trap બનાવે પછી પૈસા માંગે

Target: women, widows, students

૧૦. Women Safety Apps

મહિલાઓને સલાહ: safety apps install કરો, location share, SOS button

૧૧. AI Voice Cloning

આ સૌથી dangerous scam, Hacker voice copy કરે

Example: ''મમ્મી હું trouble માં છું, પૈસા મોકલો'' Voice real લાગે

Solution: Call back કરો

૧૨. ATM Skimming

ATM machine માં device લગાડે, Card data copy થાય

Rule: ATM cover કરો, suspicious machine avoid કરો

૧૩. QR Code Scam

QR scan કરો - પૈસા જાય

Rule: QR scan = પૈસા આપવું, પૈસા લેવા QR scan નથી

૧૪. Free WiFi Trap

Public wifi = unsafe, Hackers data ચોરી શકે

Never use: banking, password, OTP

૧૫. Bluebugging / Bluetooth Hack

Bluetooth ON રાખશો તો hack થઈ શકે

Rule: Use - OFF

૧૬. OMG Cable Scam

Special cable data copy કરે Public cable use નહિ

૧૭. Webcam Hacking

Camera hack થાય

Solution: tape લગાવો, permission check

૧૮. AEPS Fraud

Aadhaar + fingerprintથી પૈસા ચોરી

Never give: Aadhaar, fingerprint

૧૯. SIM Swap Fraud

Duplicate SIM લઈ લે, OTP hacker ને જાય

Signs: network બંધ

૨૦. Fake Tech Support

Call આવે: Microsoft / bank / support, Remote access માંગે, Never allow

૨૧. Voice Assistant Danger

OK Google / Alexa, Mic always ON, Privacy risk

૨૨. Mobile Bed પાસે ન રાખવો

Night hacking, Radiation, Spyware risk

૨૩. Stop Over Sharing

Social media પર ન મૂકો: location, tickets, family info, phone number

૨૪. Biggest Lesson

Slide મુજબ: Hacker smart નથી, તમે fool બનશો તો hack થશે''

૨૫. Final Message

Fight like One Man Army કરશો નહિ, જાગૃત બનો, બીજાને બચાવો, Cyber Yodha બનો

# જીએચપી દ્વારા આદર્શ લગ્નનો ઇતિહાસ રચાયો : ૪ માસમાં ૧૬ લગ્ન





ગુર્જર સુતાર હિતેચ્છુ પરિવાર (જીએચપી) દ્વારા વર્ષો બાદ શરૂ કરાયેલ આદર્શ લગ્નને સમાજ દ્વારા ઐતિહાસિક પ્રતિસાદ મળી રહયો છે. જીએચપી દ્વારા ડીસેમ્બર-૨૫થી આદર્શ લગ્ન નોંધવાનું શરૂ કરાયું અને ડીસેમ્બરથી જ આદર્શલગ્નની શરૂઆત થઇ. અને માર્ચ-૨૬ સુધીમાં તો ૨૦ આદર્શ લગ્ન નોંધાયા. જે એક ઇતિહાસ છે. આટલા ટુંકાગાળામાં એટલે કે ચાર જ મહિનામ્રા શું આદર્શલગ્ન રાજકોટ ગુર્જર સુતાર જ્ઞાતિના ઇતિહાસમાં અગાઉ કદી નથી થયા.

જીએચપી દ્વારા માર્ચ મહિનામાં ત્રણ આદર્શલગ્ન યોજાયા હતા. જેમાં ૮ માર્ચના રોજ બે આદર્શલગ્ન સાથે યોજાયા હતા. જેમાં તૃપ્તિ રમેશભાઇ ધ્રાંગધરીયાના વિશાલ લલીતભાઇ જોલાપરા સાથે અને કિંજલ શાંતિલાલ સંચાણીયાના અંકિત જયંતીલાલ દુદ્કીયા સાથે થયા હતા. જ્યારે બીજા આદર્શ લગ્ન હિના જયંતિલાલ વીશરોલીયા અને દીપક રણછોડભાઇ દુધૈયા સાથે થયા હતા. આ ત્રણેય લગ્ન શ્રી રવિકુમાર ભારદીયા ફાઉન્ડેશનના ચેરમેન શ્રી અમુભાઇ ભારદીયાના અનુદાનથી યોજાયા હતા. શ્રી રવિકુમાર ભારદીયા ફાઉન્ડેશન દ્વારા કુલ છ આદર્શ લગ્ન સ્પોન્સર કરવામાં આવ્યા છે. પ્રત્યેક લગ્નમાં કન્યાને બ્યુટી પાર્લરની વિનામુલ્યે સેવા નારી શકિત મંડળના પ્રમુખ કિરણબેન વડગામા અને તેની ટીમ દ્વારા આપવામાં આવે છે. જીએચપીના પ્રમુખ યોગીન છનિયારા, અરવિંદભાઇ ગજજર અને જીએચપીના કાર્યકરો આયોજનને સફળ બનાવી રહયા છે. **(અહેવાલ : હિરેન કલોલીયા)**

# ગુ.સુ. વિશ્વકર્મા બાગ મુંબઇના પ્રમુખ તુષારભાઇ કથ્રેચાની પ્રદેશ કામદાર આઘાડીના સેક્રેટરી તરીકે નિમણુંક

મુંબઇમાં વિલે પાર્લેમાં આવેલ શ્રી ગુર્જર સુતાર વિશ્વકર્મા બાગના પ્રમુખ તરીકે સેવા કરતા રહેલા તુષારભાઇ કથ્રેચાની મુંબઇ ભારતીય જનતા પક્ષ કામદાર આઘાડીના સેક્રેટરી તરીકે નિમણું કરવામાં આવી છે. કામદાર આઘાડી સેલના અધ્યક્ષ શ્રી અભિજીત રાણેએ આ હોદ્દો સુપરત કર્યો હતો. આ પ્રસંગે બીજેપીના એમએલએ શ્રી પરાગ અલવાની, બીજેપી મુંબઇના જનરલ સેક્રેટરી અને સિદ્ધિ વિનાયક રેપલ ટ્રસ્ટના ખજાનચી આચાર્ય પવન ત્રિપાઠીજી, કોર્પોરેટર શ્રી અનિલ મકવાની, બીજેપી ગુજરાતી સેલ મુંબઇના શ્રી બિમલ ભુતા સહિતના આગેવાનો આ સમયે ઉપસ્થિત રહયા હતા. શ્રી તુષારભાઇ કથ્રેચા ભારતીય માનવ અધિકાર નવી દિલ્હીના ઓલ ઇન્ડિયા ઉપપ્રમુખ તરીકે પણ કાર્યરત છે. સાથોસાથ ઇન્ડિયા પ્લાનેટરી સોસાયટીના મેનેજીંગ કમિટીના સદસ્ય પણ છે.




શ્રી તુષારભાઇ કથ્રેચાની કામદાર આઘાડીમાં સેક્રેટરી તરીકે નિમણુંક થતા આપણા સમાજના સભ્યોને રોજગાર એન સ્કીલ ડેવલપમેન્ટ ક્ષેત્રે લાભ મળશે.


# ગજજર સખી વૃંદ દ્વારા ગાંધી મ્યુઝીયમની પ્રેરણાદાયી મુલાકાત





ગજજર સખી વૃંદ દ્વારા શૈક્ષણિક પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૧૦મી માર્ચ, મંગળવારના રોજ બપોરે ૪ વાગ્યાથી રાજકોટમાં આવેલું રાષ્ટ્રીય સ્મારક ગાંધી મ્યુઝીયમની મુલાકાત લીધી હતી. ૨૬ કરોડના ખર્ચે બનેલું મહાત્મા ગાંધીજીના જીવનને રજુ કરતું આ સ્મારક ખરેખર જોવા જેવું છે અને ‘બાપુ’ને નમન થઇ જાય તેવું આ મ્યુઝીયમ છે.



આ મ્યુઝીયમ પહેલા આલ્ફ્રેડ હાઇસ્કુલ હતી અને તેમાં ગાંધીજીએ અભ્યાસ કર્યો હતો. ગાંધીજીના આ મ્યુઝીયમમાં સ્વચ્છતા ઉડીને આંખે વળગે તેવી છે. અહીં ગાંધીજીના ઓરા અનુભવાય છે. સાબરમતી આશ્રમ, પ્રાર્થના સભા, પોરબંદરનું જન્મસ્થળ વકીલાતનો અભ્યાસ, ગોરા-કાળાનો ભેદ, સત્યાગ્રહ, જુદી જુદી જેલમાં ગાંધીજીને કારાવાસ, ગાંધીજી અને કસ્તુરબાનું લગ્નજીવન, ગાંધીજીનો ઓરીજનલ અવાજમાં ભાષણ, દાંડીકુચ, તેમના જીવનના મંત્ર સત્ય, અહિંસા, ચોરી ન કરવી, વસ્તુનો સંગ્રહ ન કરવો જેવા બધી વાતો ખુબ સારી રીતે દર્શાવવામાં આવ્યા છે.

આઝાદીનો શ્વાસ ગાંધીજીના અખંડ પ્રયત્નને કારણે લઇ રહયા છીએ તે આ જોઇને દરેકને અનુભૂતિ થઇ રહી હતી. રાજકોટમાં રહેતાં હોય અને આ મ્યુઝીયમ ન જોયું હોય તેવા લગભગ બધા બહેનો હતાં. ૪૦ રૂમમાં આ મ્યુઝીયમ જુદી જુદી ગાંધીજીની જીવનગાથા રજુ કરી છે. સાંજે ૭.૧૫ વાગ્યે ગાંધીજીની બાળકો સાથે વાર્તાલાપ કરતાં હોય તેવો લાઇટસ શોષ પણ ખુબ જ સરસ જોવા જેવો છે.


બધા જ બહેનોને બાળક બની પોતે ભણતા અને ગાંધીજીનો સત્યાગ્રહ, ગોળમેળ પરિષદ, દાંડીકુચ વગેરે યાદ કરીને ભૂતકાળમાં સરી પડયા અને ‘ખુબ જ મજા આવી’ તેવા ભાવ સાથે જુદા પડયા.

આ મિટીંગને સફળ બનાવવા પ્રમુખ વર્ષાબેન રાણપરીયા, મંત્રી દિપાબેન વડગામા, દિપ્તીબેન અઘેડા, કિરણબેન મહિધરીયા, મીનાબેન વડગામા, વર્ષાબેન ગજજર, ડોલીબેન તલસાણિયા, માલતીબેન મેસવાણીયા, ઉત્પલાબેન જાદવાણી, જયોત્સનાબેન તલસાણિયા, ઇલાબેન ગોવિંદીયા, શોભનાબેન ધ્રાંગધરીયા, મયુરીબેન ત્રેટીયા, ઉર્મિબેન ખંભાયતા, ચંદ્રિકાબેન કરગથરા, આરતીબેન તલસાણિયા અને રશ્મિબેન ખંભાયતાએ પુરતા પ્રયત્ન કર્યા હતા.

એકદંરે આ મિટીંગ ખૂબ સફળ રહી હતી.

**અહેવાલ : વર્ષા રાણપરીયા.**

# અમદાવાદમાં ૬૨ બહેનો જીવન ઉપયોગી કોર્ષ કરશે
## શ્રી વિશ્વકર્મા દાદાનો દરબાર પ્રેરીત 'માતૃવંદના' અંતગર્ત થયું આયોજન





શ્રી વિશ્વકર્મા દાદાનો દરબાર પ્રેરીત માતૃ વંદના કાર્યક્રમ અંતર્ગત બહેનો ને લાઇફ ઉપયોગી કોર્સ જેવા કે નર્સિંગ આસિસ્ટન્ટ, બ્યૂટી પાર્લર, બૂટિક, જરદોશી વર્ક, ભરત કામ, ફેશન ડિઝાઇન આવા ઘણા જીવન ઉપયોગી કોર્સ કરાવી સર્ટિફિકેટ આપી ને પગભર કરવા અને શક્ય થાય તો નોકરી મળે ત્યાં સુધી મદદરૂપ થવા હેતુ જે કાર્યક્રમ રાખ્યો હતો.

તેમાં આપણી સાથે આપણાજ સમાજના બાળ અધિકાર આયોગ ના ગુજરાત અધ્યક્ષ શ્રી ધર્મિષ્ઠા બેન ,વટવા વિધાનસભા રામોલ હાથીજણ વોર્ડ ના ઉપ પ્રમુખ શ્રેયા બેન જાદવાણી તથા વડીલો એ પણ ઉત્સાહ ભેર ભાગ લીધો.

આગળ આ બહેનોની ફી ભરવાની છે તેમાં જેને સહયોગ કરવો હોય તે કરી શકે છે. ટોટલ ૬૨ બહેનો ના ફોર્મ ભરાયા તથા આપણા ગ્રુપના નાનકડા કાર્યક્રમને સારી સફળતા મળી અને તમામ આપણી રાંદલ મા રૂપી બહેનો ને સંપૂર્ણ ભોજન કરાવી કેટલાક ને તો ઘરે મુકવા સુધી ની સુવિધા આપવામાં આવી.

આ કાર્યક્રમમાં ઘણા મિત્રોએ સેવા આપી જેમાં (૧) ગોરના કુવા બાગની કમિટી, (૨) કૃણાલ ભાઈ બદ્રકિયા, (૩) રાજુભાઈ ચાંપાનેરા, (૪) ભગત ભાઈ સીનરોજા (૫) મિલન ભાઈ કરસાળા (૬) ભૌમિકભાઈ ગજ્જર (જમણવારના દાતા).

# રાજકોટઃ શિવેનએ નાની વયમાં ભણતર અને ચેસમાં આગવી સિદ્ધી મેળવી

શિવેન સંદીપ પાટણવરિયા હાલમાં ધોળકિયા સ્કૂલ (CBSE), રાજકોટમાં ધોરણ ૬માં અભ્યાસ કરી રહ્યો છે અને અભ્યાસ સાથે વિવિધ પ્રવૃત્તિઓમાં પણ રુચિ ધરાવે છે. તાજેતરમાં આયોજિત ચેસ ચેમ્પિયન સ્પર્ધામાં તેણે પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરીને પોતાની બુદ્ધિ અને એકાગ્રતાનો સુંદર પરિચય આપ્યો છે.

શૈક્ષણિક ક્ષેત્રમાં પણ શિવેન સતત આગળ વધી રહ્યો છે. તેણે નેશનલ સાયન્સ ઓલિમ્પિયાડ (NSO)માં ધોરણ ૬ માટે શાળાસ્તરે પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો છે અને હવે લેવલ-૨ માટે પસંદ થયો છે. ઉપરાંત તેણે ઇન્ટરનેશનલ મેથેમેટિક્સ ઓલિમ્પિયાડ (IMO) માટે પણ ક્વોલિફાય કરીને પોતાની પ્રતિભા સાબિત કરી છે.




શિવેનના પિતા શ્રી સંદીપ પાટણવરિયા કન્સલ્ટન્ટ સિવિલ એન્જિનિયર અને ઇન્ટિરિયર ડિઝાઇનર છે, જ્યારે તેમની માતા શ્રીમતી ચેતના સંદીપ પાટણવરિયા હંમેશા તેને પ્રોત્સાહન અને માર્ગદર્શન આપે છે.

આ ઉપલબ્ધિ બદલ ગુર્જર સુથાર સમાજ તરફથી તેને ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવે છે અને તેના ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવે છે.

# ડો. ધર્મિષ્ઠા દેવેન પાટણવાડિયા – સંઘર્ષ, સંકલ્પ અને સિદ્ધિની પ્રેરણાદાયક શૈક્ષણિક સફર




જાન્યુઆરી ૨૦૨૬, Maharaja Krishna kumarsinhji Bhavnagar University ના કુલપતિ ડો. ભરત રામાનુજ, ગાઇડ ડો. સુરેશ આર. સવાણી, એક્સ્ટર્નલ રેફરી ડો.પ્રગનેશ શાહ ના વરદ હસ્તે પીએચડી ની ડિગ્રી મેળવી ધર્મિષ્ઠાએ સમસ્ત પરિવાર અને સમાજનું ગૌરવ વધારિયું.

હાલ રાજકોટ નિવાસી, ડો. ધર્મિષ્ઠા કે જેમને સ્નાતક અને અનુસ્નાતક કક્ષાની ડિગ્રી ભાવનગર યુનિવર્સિટિ માંથી મેળવેલ છે. વર્ષ ૨૦૧૯ માં તેમણે રાજ્ય કક્ષાની SET પરીક્ષા પાસ કરી, ભાવનગરની ખ્યાતનામ એવી સ્વામી સહજાનંદ કોલેજ ઓફ કોમર્સ એંડ મેનેજમેંટ, કોલેજમાં તેઓએ કોમર્સ ડિપાર્ટમેંટમાં Assistant Professor તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી, અને પાંચ વર્ષ કરતાં પણ વધારે સમયસુધી તેમણે શૈક્ષણિક ક્ષેત્રે પોતાનું યોગદાન આપેલ. સંશોધન ક્ષેત્રમાં પણ તેમનું યોગદાન નોંધપાત્ર રહ્યું છે. તેમણે અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય જર્નલ્સ તેમજ કોન્ફરન્સમાં સંશોધન પેપર્સ પ્રકાશિત કર્યા છે. તેમની સર્જનાત્મકતા અને નવીન વિચારોના પરિણામરૂપે તેમને એક કોપિરાઇટ પણ પ્રાપ્ત થયો છે. વધુમાં, તેમણે ગુજરાતી ભાષામાં GST વિષય પર પુસ્તક લખીને વિદ્યાર્થીઓ અને વાચકો માટે જ્ઞાનનો એક મહત્વપૂર્ણ સ્રોત ઉપલબ્ધ કરાવ્યો છે.

તેમની આ સફળતા પાછળ તેમના પરિવારનો ખૂબ મોટો ફાળો રહ્યો છે. લગ્ન પહેલાં તેઓ ભાવનગરમાં પોતાની માતા શ્રીમતી ભાવનાબેન ઝીંઝુવાડિયા, ભાઈ હાર્દિક અને ભાભી રીંકુ, તથા નાની બહેન દીપિકા સાથે રહેતા હતા. તેમના લગ્ન રાજકોટ નિવાસી ગિરધરભાઈ રણછોડભાઇ પાટણવારિયાના સુપુત્ર ડો. દેવેન પાટણવારિયા સાથે થયા, જેઓએ ડિસેમ્બર ૨૦૨૧માં NIT ગોવાથી પીએચ.ડી. પૂર્ણ કરી,અને હાલમાં ઉચ્છઉદ્યમાં વૈજ્ઞાનિક તરીકે દેશસેવામાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે. બંનેનો શૈક્ષણિક અને સંશોધન પ્રત્યેનો સમાન અભિગમ એકબીજાને સતત પ્રોત્સાહિત કરે છે અને સમાજ તથા રાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપવા માટે પ્રેરિત કરે છે.

હાલમાં ડો. ધર્મિષ્ટા દેવેન પાટણવારિયા ટકાઉ વિકાસ લક્ષ્યો (Sustainable Development Goals), એકાઉન્ટિંગ અને ફાઇનાન્સ પર તેના પ્રભાવ તેમજ ઇન્ડિયન નોલેજ સિસ્ટમ (IKS) જેવા મહત્વપૂર્ણ વિષયો પર સંશોધન કાર્ય કરી રહ્યા છે. સમાજ અને શિક્ષણ ક્ષેત્રે નવી દિશા આપવાની તેમની ઈચ્છા તેમને સતત નવા સંશોધન તરફ આગળ વધારતી રહે છે.

આ ઉપલબ્ધિ બદલ ગુર્જર સુથાર સમાજ તરફથી તેને ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવે છે અને તેના ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવે છે. તેમની આગળની સંશોધનયાત્રા વધુ સફળતા અને સમાજહિતના કાર્યોથી ઉજ્જ્વળ બને તેવી શુભેચ્છાઓ.

# સમસ્ત આમરણીયા પરિવાર દ્વારા કુળદેવી શ્રી ચામુંડા માતાજીના મઢે ૧૬મો પાટોત્સવ યોજાયો



સમસ્ત આમરણીયા પરિવાર દ્વારા કુળદેવી શ્રી ચામુંડા માતાજીના મઢે ૧૬મો પાટોત્સવ ફાગણ સુદ-૫ને રવિવાર તા. ૨૨-૦૨-૨૬ના શુભદિને રાજકોટ જીલ્લાના ધોરાજી તાલુકાના ગામ ભાડેર (વાઘેલાનું) મુકામે ભકિતભાવ તથા ઉલ્લાસભેર યોજાઇ ગયા.

આ શુભપ્રસંગે હવનનું આયોજન કરવામાં આવેલ તેમાં પરિવારના ગોર શાસ્ત્રીશ્રી મહેશભાઇ વી. જોશીએ હવનની ધાર્મિક વિધી કરાવેલ. હવનમાં યજમાન તરીકે મુળગામ ઉપલેટાવાળા હાલ રાજકોટથી પધારેલ શ્રીમતી હેતલબેન અંકિતભાઇ તથા અંકિતભાઇ દલસુખભાઇ તથા મુળગામ ભાડેર(વાઘેલાનું) વાળા હાલ રાજકોટથી પધારેલ શ્રીમતી નિરાલીબેન લોકેશભાઇ અને લોકેશભાઇ વિનોદભાઇ બિરાજમાન થયેલ.

હવનની વિધી સવારે ૭.૩૦ કલાકેથી શરૂ કરેલ. બપોરે ૧૨.૩૦ વાગ્યે પુર્ણ થયેલ ત્યારબાદ હવનમાં બીડુ હોમેલ અને સર્વે પરિવારજનોએ (આશરે ૨૦૦ પરિવારજનો) માતાજીના નિવેદ તથા મહાપ્રસાદનો લાભ લીધેલ.

આ ધાર્મિક પ્રસંગને સફળ બનાવવા પરિવારનાં વડીલો, યુવાનો, બાળકો તથા બહેનોએ સહર્ષ સેવાકાર્ય કરેલ અને આ પ્રસંગને સફળ બનાવેલ.

# શ્રી ગુર્જર સુતાર પ્રગતિ મંડળ દ્વારા મે માસમાં શ્રી પંચમુખી વિશ્વકર્મા પુરાણ



સમસ્ત વિશ્વકર્મા સમાજના આરાધ્યદેવ જગતના આદિ શીલ્પી પરમકૃપાળુ કૃપાસાગર પ્રભુશ્રી વિશ્વકર્મા દાદાના પાવન ચરણોમાં અખુટ શ્રદ્ધા સાથે તથા મા ભગવતી દીનદયાળી, ભકતોની રખવાળી મા ભગવતી શ્રી રાંદલ માતાજીની તથા ઈષ્ટ દેવ આદય દેવની પરમ અનુકંપાથી શ્રી ગુર્જર સુતાર પ્રગતિ મંડળ, રાજકોટ તથા વિશ્વકર્મા દાદાના વંશજો, ભકતોને તથા સારાયે વિશ્વકલ્યાણ અર્થે તથા શ્રી કૃષ્ણને વાલી ગાયમાતાના લાભાર્થે શ્રી પંચમુખી વિશ્વકર્મા મહાપુરાણ જ્ઞાનયજ્ઞનુ ભવ્ય અને દિવ્ય આયોજન કરેલ છે. આ જ્ઞાનયજ્ઞરૂપી કથાનુ વ્યાસપીઠે બિરાજી શ્રી મુકુદજી મહારાજ (દેરડી કુંભાજી) બીરાજી સંગીતમય શૈલીમાં કથામૃતનુ રસપાન કરાવશે. કથાનો પ્રારંભ અધિક જેઠ સુદ-૨ ને સોમવાર તા. ૧૮/૦૫/૨૦૬ ના રોજ થશે અને કથાની પુર્ણાહુતિ અધિક જેઠ સુદ ૮ ને રવિવાર તા. ૨૪/૦૫/૨૦૨૬ ના રોજ થશે. આ કથા દરમ્યાન આવતા પાવન પ્રસંગોમાં તા.૧૮/૦૫/૨૦૨૬ ના રોજ બપોરના ૩-૩૦ કલાકે પોથીયાત્રા ગાયત્રી મંદિર ગીતાનગરથી કથા સ્થળ વિશ્વકર્મા ધામ પ્રગતિ મંડળ સ્થળે થશે અને પોથીજીનુ સ્થાપન કરવામાં આવશે. તા. ૧૯/૦૫/૨૦૨૬ ના રોજ ભગવાન શ્રી વિશ્વકર્માના પ્રાગટય મહોત્સવ ઉજવાશે, તા. ૨૦/૦૫/૨૦૨૬ ના રોજ કૃષ્ણ જનમોત્સવની ઉજવણી થશે. તા. ૨૧/૦૫/૨૦૨૬ના રોજ વૃંદાવનધામ રાસોત્સવના ઉત્સવની ઉજવણી કરવામાં આવશે. તા. ૨૧/૦૫/૨૦૨૬ ના રોજ શ્રી ભગવતી રાંદલમાતા પ્રાગટયોત્સવની ઉજવણી કરવામાં આવશે. તા. ૨૨/૦૫/૨૦૨૬ ના રોજ શ્રી સુર્યદેવ અને ભગવતી શ્રી રાંદલમાતાના વિવાહનો મંગલોત્સવ ઉજવવામાં આવશે અને તા. ૨૩/૦૫/૨૦૨૬ ના રોજ જ્ઞાન ભકિતરસ કથા અને તા. ૨૪/૦૫/૨૦૨૬ ના રોજ નારાયણ યજ્ઞ તથા સાંજે ૬-૦૦ કલાકે કથા વિરામ થશે. કથાનો સમય તા. ૧૮/૦૫/૨૦૨૬ થી તા. ૨૩/૦૫/૨૦૨૬ ના રોજ દરરોજ બપોરના ૩-૩૦ થી સાંજના ૭-૦૦ કલાક સુધી રહેશે અને તા. ૨૪/૦૫/૨૦૨૬ ના રોજ સવારે ૯-૦૦ થી બપોરના ૧૨-૦૦ કલાક તથા બોરના ૩-૩૦ થી સાંજના ૭-૦૦ કલાક સુધીનો રહેશે દરરોજ કથા પુર્ણ થયા બાદ તમામ ભાવિકજનોને પ્રસાદની વ્યવસ્થા રાખેલ છે. તેમજ પુર્ણાહુતિના દિવસે મહાપ્રસાદની વ્યવસ્થા રાખેલ છે. કથાના આયોજન બાબતે શ્રી ગર્જર સુતાર પ્રગતિ મંડળના અધ્યક્ષશ્રી અરવિંદભાઈ ગજજર, ઉપાધ્યક્ષશ્રી મહેન્દ્રભાઈ ઝીંઝુવાડીયા, ટ્રસ્ટીશ્રીઓ અરવિંદભાઈ ગંગાજળીયા, મથુરભાઈ પાટણવાડીયા, જગદીશભાઈ સોંડાગર, રસીકભાઈ વાઘસણા, જનકભાઈ ઉજેણીયા, દલપતભાઈ ધારૈયા તથા મુકેશભાઈ ઉછડીયા અને પ્રમુખશ્રી રમેશભાઈ સોનીગરા, મંત્રીશ્રી રમેશભાઈ પાટણવાડીયા, ખજાનચી વિમલભાઈ સોંડાગર, ઉપ પ્રમુખો પ્રફુલભાઈ કરશાળા અને ગોપાલભાઈ ખંભાયતા, સહમંત્રી નીતીનભાઈ બકરાણીયા, સહ ખજાનચી નલીનભાઈ ગંગાજળીયા, કારોબારી સભ્યોશ્રી શૈલેષભાઈ માંડવીયા, મુકેશભાઈ ઉછડીયા, વિનોદભાઈ ધારૈયા, જીતેન્દ્રભાઈ ધારૈયા, રમેશભાઈ પાટણવાડીયા, દિપકભાઈ ચંદવાણીયા, સાવનભાઈ સોંડાગર, અલ્પેશભાઈ ખંભાયતા, તુષારભાઈ સોંડાગર, હિતેશભાઈ માંડવીયા, રોહિતભાઈ સોંડાગર, પ્રશાંતભાઈ સોનીગરા, દિપેશભાઈ મોડાસીયા જહેમત ઉઠાવી રહયા છીએ. શ્રી ગુર્જર સુતાર સમાજ દ્રારા ઘણા વર્ષે પછી રાજકોટમાં શ્રી વિશ્વકર્મા દાદાની કથાનુ આયોજન થવા જઈ રહયુ છે તેથી વિશ્વકર્મા વંશજ પરિવરમાં અનેરો આનંદ થઈ રહ્યો છે. આ કથા બાબતે રાજકોટ શહેરની તમામ ગુર્જર સુતાર જ્ઞાતિની સંસ્થાઓની સહયોગ પ્રાપ્ત થઈ રહ્યો છે.

**(અહેવાલ : એડવોકેટ અરવિંદ ગજજર)**

# ગજજર સ્પોર્ટસ કલબ દ્વારા રપમી નાઇટ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન

રાજકોટમાં ગુર્જર સુતાર સમાજના સર્વાંગી વિકાસ માટે કાર્ય કરતી સંસ્થા ગુર્જર સુતાર હિતેચ્છુ પરિવાર (જીએચપી) પ્રેરીત ગજજર સપોર્ટસ કલબ રપમાં વર્ષમાં શાનદાર ઉજવણી કરશે. આ ઉજવણી અંતગર્ત ર૮ એપ્રિલથી ૬ મે દરમ્યાન ટેનીસ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવનાર છે. માધવરાવ સિંધીયા ઇન્ટરનેશનલ ગ્રાઉન્ડ પર યોજાનાર આ ક્રિકેટ ટુર્નામેન્ટને યાદગાર અને ઐતિહાસિક બનાવવા જીએચપી ગ્રુપ દ્વારા તડામાર તૈયારી ચાલી રહી છે. આ ટુર્નામેન્ટમાં સૌરાષ્ટ્ર-ગુજરાત તેમજ ગુજરાત બહારની ટીમો પણ ભાગ લેવા તત્પર છે. ગજજર સ્પોર્ટસ કલબ રપમાં વર્ષની ઉજવણી કરી રહયું છે. ત્યારે રપ વર્ષ દરમ્યાન જે કોઇ લોકોએ સાથ અને સહકાર આપ્યો છે તે તમામનું અદકેરૂ સન્માન કરવામાં આવનાર છે. ક્રિકેટ ટુર્નામેન્ટનો પુર્ણાહુતિ સમારંભ યાદગાર બની રહે તેવું પણ આયોજન કરવામાં આવી રહયું છે. આયોજન માટે જીએચપી ગ્રુપના પ્રમુખ યોગીન છનિયારા, અરવિંદભાઇ ગજજર તેમજ જીએચપીની સમગ્ર ટીમ જહેમત ઉઠાવી રહી છે.

**અહેવાલ : સંજય સાંકડેચા**



## અમદાવાદમાં યુથ ફોરમ દ્વારા મેમાં ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાશે

અમદાવાદમાં આવેલ ગુર્જર સુતાર જ્ઞાતિ યુથ ફોરમ દ્વારા સતત ૧૩માં વર્ષે ટેનીસ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૯-૫-ર૬ થી ૧૮-૫-ર૬ દરમ્યાન માધવ પાર્ટી પ્લોટ સામે, ભાડજ હરે ક્રિષ્ના મંદિર રોડ, ભાડજ ખાતે યોજાનાર આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં સૌરાષ્ટ્ર-ગુજરાત-તેમજ અન્ય શહેરોમાંથી પણ ક્રિકેટ ટીમો ભાગ લેશે. યુથ ફોરમના પ્રમુખ શાંતિભાઇ ખોડદીયા, સ્પોર્ટસ મંત્રી નરેન્દ્રભાઇ ખોડદીયા, કાર્યવાહક સમિતિ તથા સેવા સમિતિના સદસ્યો આ ક્રિકેટ ટુર્નામેન્ટને યાદગાર બનાવવા જહેમત ઉઠાવી રહયા છે.

**(અહેવાલ : શાંતિભાઇ ખોડદીયા)**

# રાજકોટમાં ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા ઉજવાયો રાંદલ માતાજી લોટા ઉત્સવ

રાજકોટના દિવાનપરામાં આવેલ શ્રી ગુર્જર સુતાર વિશ્વર્મા પ્રભુજીના મંદિર તા. રર-૩-ર૬ના રોજ મા રાંદલ માતાજીના ૧૮૦ લોટા ઉત્સવ ધામધુમથી અને મંગલમય વાતાવરણમાં આનંદ અને ઉત્સાહથી ઉજવવામાં આવ્યો હતો.



સવારે યજમાનોએ રાંદલ માતાજીનું શાસ્ત્રોકત વિધીથી પુજન અર્ચન કરવામાં આવ્યા બાદ રાંદલ માતાજીના દર્શનાર્થે ભાવિકો સવારથી સાંજ સુધી મોટી સંખ્યામાં ઉમટી પડયા હતા. બપોરે ગોરણીનું શાસ્ત્રોકત વિધીથી પુજન અર્ચન કરવામાં આવ્યા બાદ સૌએ મીષ્ટ પ્રસાદનો લહાવો લીધો હતો.

રાંદલ માતાજીના ૧૮૦ લોટા ઉત્સવની ઉજવણી અંતર્ગત ભજન કિર્તનની પણ રમઝટ બોલવી હતી. શ્રી વિશ્વકર્મા ધુન મંડળની બહેનોએ સાંજના રાસની રમઝટ બોલાવી હતી. ગુર્જર સુતાર જ્ઞાતિના હોદ્દેદારો, ટ્રસ્ટીઓ, કારોબારી સદસ્યો અને જ્ઞાતિ પ્રેરીત સંસ્થાઓએ આયોજન સફળ બનાવ્યું હતું.

# સાહિત્ય સેતુ રાજકોટ દ્વારા વિશ્વ કવિતા દિવસ નિમિત્તે યોજાયેલ કવિ સંમેલન સાહિત્ય પ્રેમીઓએ મન ભરીને માણ્યું

## કવિ સંમેલનમાં સંજુ વાળા સહિતના કવિઓ ખીલી ઉઠયા












દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ ઢોલરા પ્રેરિત એક દશકાથી વધુ સમયથી શહેરમાં સાહિત્યિક પ્રવૃત્તિ તરીકે સંસ્થા સાહિત્ય સેતુ રાજકોટ દ્વારા વિશ્વ કવિતા દિવસ નિમિત્તે શહેરના કાલાવડ રોડ પર આવેલ સૌરાષ્ટ્ર હાઇસ્કુલના શ્રી વિજયભાઇ ધોળકીયા ઓડિટોરીયમમાં કવિ સંમેલન યોજવામાં આવેલ. જેમાં શહેરના સાહિત્યપ્રેમીઓ કવિતાપ્રેમીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

કવિ સંમેલનમાં સમાજજીવનના વિવિધ ક્ષેત્રના મહાનુભાવો અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહેલ જેમાં જાણીતા ખગોળશાસ્ત્રી વૈજ્ઞાનિક ડો. જે. જે. રાવલ, જાણીતા ઉદ્યોગપતિ ગિરીશભાઇ કડવાણી, સીઝન સ્કવેર ચેરીટેબલ ટ્રસ્ટના મોભી અજયભાઇ જોશી, મોઢવણિક સમાજના અગ્રણી શૈલષભાઇ આર. શાહ, સાહિત્ય સેતુના પ્રમુખ વસંતભાઇ ગાદેશા, સૌરાષ્ટ્ર સાહિત્ય સભાના મંત્રી ડો. રૂચિર પંડયા વગેરે અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેલ.

કવિ સંમેલનમાં ગુજરાત સાહિત્ય જગતમાં આદરભર્યું સ્થાન ધરાવતા જાણીતા કવિઓ રાજકોટ નિવાસી સંજુ વાળા, જવલંત છાયા, ભાર્ગવ ઠાકર, વિકી ત્રિવેદી અને ખાસ અમરેલીથી પધારેલા કવિઓ સ્નેહી પરમાર, હરજીવન દાફડાએ ભાગ લીધેલ અને પોતાની સુંદર લોકપ્રિય રચનાઓ કસબી જો કોઇ કુચી મળે તો તાવી જોઇએ. બાકી તો દુનિયાના દ્વાર ઉઘાડવા માટે ઘણી ચાવી જોઇએ/એકાદ ચાલ લે નવી અજમાવી જોઇએ, જયાં કોઇ ફાવ્યુ ન હોય ત્યાં ફાવી જોઇએ., મારી આંખો એમ શરીરે લાગ્યા ઘાને જુએ છે, જેવી રીતે બે જાનડીઓ વરરાજાને જુએ છે, જુઓ એકાંતનું આ પંખી ઉડે નહીં તો સારું, આ સાથ છેલ્લો છૂટે નહીં તો સારું/તીરથી તેજ કર પ્રહાર મને ઘેન નથી અબઘડી ઉગાર મને/એક અદનું હું તારું સર્જન છું નિર્મમપણે મઠાર મને/ એની મુને વેદના ભારી, ઘડીક ઘરમાંને ઘડીક/જીવનની સારી સારી બધી માન્યતા ગઇ, એના પછી ભીતર હતી એ દિવ્યતા ગઇ સહિતની રચનાઓ રજૂ કરીને કવિતા પ્રેમીઓના દિલ જીતી લીધા હતા સાહિત્યપ્રેમીઓ ઝુમી ઉઠયા હતા. સતત દોઢ કલાક સુધી મન ભરીને કાર્યક્રમ માણેલ. કવિ સંમેલનમાં વિશેષ ઉપસ્થિત ખગોળશાસ્ત્રી ડો. જે. જે. રાવલે પણ કવિતાનું પઠન કરેલ. કવિ સંમેલનનું સફળતાપૂર્વક

**સાહિત્ય વિશ્વ**

**અનુપમ દોશી**





સંચાલન ડો. સુનિલ જાદવે કરેલ.

સાહિત્ય સેતુ રાજકોટ દ્વારા વિશ્વ કવિતા દિવસ નિમિત્તે યોજાયેલ કવિ સંમેલનમાં ભાગ લેનાર તમામ કવિઓ સંજુ વાળા, સ્નેહી પરમાર, જવલંત છાયા, હરજીવન દાફડા, ભાર્ગવ ઠાકર અને વિકી ત્રિવેદીનું કુમકુમ તિલક કરી, ખેસ પહેરાવી, શ્રીફળ સાકરનો પડો, પુસ્તક સ્મૃતિ ભેટ આપી તેમજ શાલ ઓઢાડીને સમારંભમાં અતિથિઓના હસ્તે ભાતીગળ તેમજ પરંપરાગત સન્માન કરવામાં આવેલ અને ગુજરાતી સાહિત્યની અવિરત સેવા કરતા રહો તેવી શુભકામનાઓ પાઠવી હતી.



કવિ સંમેલનમાં શહેરના કવિ મિત્રો ભાસ્કર ભટ્ટ, મહેન્દ્ર દક્ષિણી, દીપક ત્રિવેદી, દલપત ચાવડા, મહેશ સાગઠીયા, અંબાલાલ ખાનપરા, પ્રવીણ વાછાણી, વર્ષા તલસાણિયા, વીણા વેકરીયા, પ્રવીણ ગજ્જર, કૌશિક સિંધવ, મનસુખભાઇ વેકરીયા સહિતના સાહિત્ય પ્રેમીઓ ઉપસ્થિત રહેલ.

કવિ સંમેલનમાં પ્રારંભમાં કવિ પ્રકાર હાથીએ સુંદર પ્રાર્થના ગીતનું ગાન કરેલ. સંસ્થાના જનાર્દન આચાર્યએ શબ્દોથી સૌનું સ્વાગત કરેલ. સાહિત્ય સેતુના સંયોજક અનુપમ દોશીએ કાર્યક્રમની પૂર્વ ભૂમિકા અને સમારંભના અતિથિઓનો પરિચય આપેલ. કાર્યક્રમના અંતમાં આભાર વિધિ પંકજ રૂપારેલીયાએ કરી હતી. સમગ્ર આયોજનની સફળતા માટે અનુપમ દોશી, હસુભાઇ શાહ, નૈષધભાઇ વોરા, ઉપમન્યુ રાવલ, મહેશ વ્યાસ, પરિમલભાઇ જોશી, દિનેશભાઇ ગોવાણી, જયેન્દ્રભાઇ મહેતા, વિપુલભાઇ ભટ્ટ, રમેશ શિશાંગીયા, કમલેશ ટોલીયા, મહેશ પરમાર વગેરે કાર્યરત રહેલ.

# પંચાલ-સુથાર સમાજે પસંદગી સંમેલન યોજી ૧૮ વર્ષમાં ૧ કરોડ ભેગા કર્યા

સમાજસેવાના નામે ઘણી જગ્યાએ માત્ર કાર્યક્રમો થાય છે પરંતુ અહીં એક સમાજ એવો છે જે ૧૮ વર્ષથી શાંતિથી જિંદગીઓ બદલી રહ્યો છે. સૌરાષ્ટ્ર લુહાર સુથાર સમાજે જીવનસાથી પસંદગી સંમેલનને માત્ર લગ્ન સુધી મર્યાદિત ન રાખતા, તેને વિધવા મહિલાઓ માટે આર્થિક સહારો બનાવ્યો છે.



આ સમાજ આજે ૭૫ જેટલી વિધવા મહિલાઓને દર મહિને ૫૦૦થી ૧,૦૦૦ રૂપિયાની નિશ્ચિત સહાય પૂરી પાડી રહ્યો છે. ખાસ વાત એ છે કે એક પણ રૂપિયો રોકડ આપવામાં આવતો નથી - દરેક રકમ સીધી મહિલાઓના બેંક ખાતામાં જમા થાય છે. આ કારણે સહાયમાં પારદર્શિતા સાથે મહિલાઓનું ગૌરવ પણ જળવાઇ રહે છે.

પુરષોતમ દાસ પિત્રોડાના જણાવ્યા અનુસાર આ કામગીરી પાછળ સમાજના અગ્રણીઓ અને દાતાશ્રીઓનો સતત સહયોગ છે. વર્ષો સુધી ચાલતી આ પહેલે અત્યાર સુધીમાં ૧ કરોડ ૩૦ લાખ રૂપિયાની સહાય વિધવા મહિલાઓ સુધી પહોંચાડી છે જે માત્ર આંકડો નહીં, પરંતુ અનેક પરિવારો માટે જીવનરેખા બની છે. સમાજના આગેવાનો કહે છે. કે મદદ એવી હોવી જોઈએ જે વ્યક્તિને ઊભી રાખે, નહી કે ઝુકાવી દે.''આ વિચારને સાકાર કરતી આ પહેલ આજે અન્ય સમાજો માટે પણ પ્રેરણા બની રહી છે. ખાસ વાત એ છે કે આવી વ્યવસ્થિત, લાંબા ગાળાની અને પારદર્શક સહાય યોજના હજુ સુધી અન્ય કોઈ સમાજમાં જોવા મળી નથી.

# અર્ધ ચક્રાસન અને પાદ હસ્તાસન : શરીર માટે લાભદાયક યોગ




- કિરણ એચ. બકરાણીયા
(મો. ૯૫૧૨૧૭૨૨૪૩)

બધા મિત્રોને મારા 'જય વિશ્વકર્મા' યોગમાં આજે આપણે આસનોનો અભ્યાસ કરીશું યોગની શરૂઆતમાં ૐ કાર પછી સુક્ષ્મ વ્યાયામ (વાર્મ-અપ) અને પછી આસનો કરીશું. ૐ કાર અને સુક્ષ્મ વ્યાયામનો અભ્યાસ આપણે આગળના અંકોમાં કર્યો હવે આસનોનો અભ્યાસ કરીશું આસનો કરવાથી શરીર ફલેકિસબલ બને છે. મન શાંત રહે છે. કફ, પિત્ત, વાયુ બેલેન્સમાં રહે છે અને રોગપ્રતિકારક શકિત વધે છે. તેથી રોગો સામે રક્ષણ મળે છે. આજે આપણે અર્ધ ચક્રાસન અને પાદહસ્તાસન શીખીશું.

## અર્ધ ચક્રાસન : (Half Wheel Pose)

અર્ધ એટલે અડધું અને ચક્ર એટલે ચક્કર શરીરને પાછળની તરફ અડધું વાળો એટલે અર્ધ ચક્રાસન આ એક બેકર્વડનું આસન છે.



**રીત :**

- સીધા ઉભા રહો બંને પગ વચ્ચે થોડું અંતર રાખો.
- હાથ કમર પર રાખો (બંને અંગુઠા પાછળ અને આંગળીઓ આગળ)
- શ્વાસ ભરીને પાછળની તરફ વળો.
- કમરના સપોર્ટથી પાછળની તરફ શકય હોય તેટલું વળો.
- નજર ઉપર અથવા પાછળ રાખો.
- પગ મજબુત રીતે જમીન પર રાખો.
- શ્વાસ છોડતા ધીમે ધીમે સીધા ઉભા થાઓ.
- જટકા વગર આરામની પાછા આવો.
- ૧૦ થી ૩૦ સેકન્ડ સુધી આ આસનમાં નોર્મલ શ્વાસ સાથે હોલ્ડ કરો.

**લાભ :**


- ફેફસાની ક્ષમતા વધારે છે.
- શરીરનું સંતુલન સુધારે છે.
- પીઠ મજબુત બને છે.
- પેટની ચરબી ઘટાડે છે.
- કરોડરજ્જુ ફલેકિસબલ બનાવે છે.

**સાવચેતી :**

- કમરનો દુ:ખાવો હોય તો ધીમેથી શરૂઆત કરવી પહેલા ઓછુ પાછળ વળવું.
- ચકકર આવે તો મુળ સ્થિતિમાં પાછા આવી જવું.
- ખાલી પેટે જ કરવું.

## પાદ હસ્તાસન

'પાદ' એટલે પગ અને 'હસ્ત' એટલે હાથ. હાથથી પગને સ્પર્શ કરવો એટલે પાદહસ્તાસન આ એક ફોરર્વડનું આસન છે.



**રીત :**

- સીધા ઉભા રહો.
- શ્વાસ ભરતા બંને હાથ ઉપર ઉંચા કરો.
- શ્વાસ છોડતા આગળ વળો.
- કમરથી આગળ વળવું.
- હાથનો પંજો પગના પંજાની બાજુમાં જમીન પર રાખો અથવા પગને પકડી લો.
- ઘુંટણ સીધા રાખો (વાંકા ન કરો)
- ૧૦-૨૦ સેકન્ડ સુધી રહેવું.
- ધીમે ધીમે પાછા સામાન્ય સ્થિતિમાં આવી જાવ.

**લાભ :**

- પાદહસ્તાસનથી પેટ પર દબાણ આવવાથી પાચન શકિત સારી થાય છે.
- પેટની ચરબી ઘટે છે.
- કરોડરજ્જુ લચીલી બનાવે છે.
- ફેસ અને હેર ચમકીલા બને છે.

**સાવચેતી :**

- કમરનો દુ:ખાવો હોય તો ધ્યાનથી કરવું.
- હાઇ બ્લડપ્રેશર વાળાને શાંતિથી આસન કરવું અને શકય હોય તેટલું જ વળવું.

અર્ધ ચક્રાસન કરીને પાદહસ્તાસન કરવું આ એકબીજાના પુરક આસનો છે.

# કિચન તડકા : સમર સ્પેશ્યલ

શુભદા ભટ્ટી

## (૧) ચોકલેટ ચીકુ શેઇક

**સામગ્રી :**

- કોકો પાવડર - ૧ મોટી ચમચી
- ચીકુ - ૨ નંગ
- દૂધ - ૨ ગ્લાસ
- ખાંડ - જરૂર મુજબ
- ક્રીમ - ૧ મોટી ચમચી
- ચોકલેટ આઇસ્ક્રીમ - ૩ સ્કુપ

**બનાવવાની રીત :**

- સૌપ્રથમ એક વાસણમાં ઉપરની દરેક સામગ્રી લઇને બ્લેન્ડરથી મિકસ કરો. બનાવેલ શેઇકને ગ્લાસમાં કાઢીને ઉપરથી આઇસ્ક્રીમ સ્કુપ એડ કરવો.

## (૨) મિકસ ફ્રુટ જયુસ

**સામગ્રી :**

- સુધારેલ તરબુચ - ૧ બાઉલ
- દાડમના દાણા - ૧/૨ બાઉલ
- ચાટ મસાલો - સ્વાદ મુજબ
- કીવી - ૧ નંગ

**બનાવવાની રીત :**

- સૌપ્રથમ એક મિકસર જારમાં તરબુચ, દાડમ, કીવી મિકસ કરી લેવું. જરૂર પડે તો બરફ એડ કરવો.

- પછી જયુસને ગાળી લેવો મોટા ચાયણાથી, ગાળીને ચાટ મસાલો એડ કરીને સવ કરવું.

## (૩) ફુદીનાનું રાયતુ

**સામગ્રી :**

- દહીં - ૧/૪ કપ
- ફુદીનાના પાન - ૧/૨ કપ
- ખાંડ - ૧/૨ ચમચી
- મીઠુ - સ્વાદ મુજબ
- સંચળ - સ્વાદ મુજબ
- જીરા પાવડર - ૧/૨ ચમચી
- કોથમીર - ૨ ચમચી



**બનાવવાની રીત :**

- એક મિકસર જારમાં ફુદીનો, કોથમીર, મીઠુ, થોડું દહીં , સંચળ, ખાંડ લઇને મિકસ કરી લો.

- વધેલા દહીંમાં બનાવેલ પેસ્ટ એડ કરી લેવી. તેમાં જીરા પાવડર એડ કરીને બરાબર મિકસ કરી લેવું.

- આ રાયતતાને પુલાવ, પરાઠા સાથે લઇ શકાય છે.

## (૪) ફ્રુટ રાયતુ

**સામગ્રી :**

- કેળુ - ૧/૪ કપ
- સફરજન - ૧/૪ કપ
- દાડમ - ૨ ચમચી
- પાઇનેપલ - ૧/૪ કપ
- સ્ટ્રોબેરી - ૧/૪ કપ
- દહીં - ૨ કપ
- જીરા પાવડર - ૧/૨ ચમચી
- દળેલી ખાંડ - જરૂર પ્રમાણે
- મીઠુ - સ્વાદ મુજબ
- ક્રીમ - ૧ કપ

**બનાવવાની રીત :**

- સૌપ્રથમ દહીં ફેટી લેવું. તેમાં બધા જ ફ્રુડ એડ કરી દેવા. સાથે ક્રીમ પણ એડ કરવું. જરૂર પ્રમાણે તેમાં ખાંડ, મીઠુ નાખીને બધુ બરાબર મિકસ કરી લેવું.

- આ રાયતામાં ડ્રાયફ્રુટ ભાવતા હોય એ પણ એડ કરી શકાય.



## (૫) કેસર સાબુદાણા ખીર :

**સામગ્રી :**

- પલાળેલ સાબુદાણા - ૧/૨ કપ
- દુધ - ૭૫૦ એમએલ
- કેસર - જરૂર મુજબ
- ઇલાચી પાવડર - ૧ નાની ચમચી
- ઘીમાં રોસ્ટ કરેલ (કાજુ, બદામ, પિસ્તા) - ૨ ચમચી
- ખાંડ - ૪ થી ૫ ચમચી

**બનાવવાની રીત :**

- એક જાડા તળીયાવાળા વાસણમાં દુધ લેવું. તેમાં પલાળેલ સાબુદાણા ઉમેરીને દુધને ઘટ્ટ કરવું.

- પછી તેમાં દુધમાં પલાળેલ કેસર, ખાંડ ઉમેરીને મિકસ કરવું.

- આ મિશ્રણને ઘટ્ટ કરવું. છેલ્લે તેમાં ઇલાચી પાવડર અને ડ્રાયફ્રુટ એડ કરીને મિકસ કરવું.

- આ ખીરને ૧ થી ૨ કલાક સુધી ફ્રીઝમાં રાખીને ઠંડી ઠંડી સવ કરવી.

# વિશ્વકર્મા કવયિત્રી સંમેલન તથા સમસ્ત વિશ્વકર્મા સમાજ કે સાથ એક શામ મુકેશ કે નામ





અમૃત ચેરિટેબલ ટ્રસ્ટ રાજકોટ દ્વારા આયોજિત સફળતાના પાંચ વર્ષ પૂર્ણ થતા તેમના અનુસંધાન સંસ્થા દ્વારા તા. ૨૮ માર્ચ ૨૦૨૬ શનિવારના રોજ બપોરે ૩ થી ૬ દરમ્યાન વિશ્વકર્મા સમાજમાં સૌ પ્રથમ કહી શકાય એવો અનોખો કાર્યક્રમ યોજાયો. વિશ્વકર્મા કવયિત્રી સંમેલનમાં ૧૭ વધુ કવિયત્રી બહેનોએ ભાગ લીધેલ તેઓને શિલ્ડ તથા સન્માનપત્ર આપી સન્માનીત કરવામાં આવ્યા સંમેલનમાં પોતાની અવિસ્મરણીય હાજરી. સક્રિય ભાગીદારી અને સ્ત્રી શક્તિના ઉન્નતિ માટેના ઉત્તમ યોગદાનથી આ કાર્યક્રમને સફળ બનાવ્યો એમની પ્રતિભા અને સામાજિક જાગૃતતા અન્ય લોકો માટે પ્રેરણારૂપ બની તેમજ તા.૨૮ માર્ચ ૨૦૨૬ શનિવારના રાત્રે ૯ થી ૧ સમસ્ત વિશ્વકર્મા સમાજ કે સાથ એક શામ મુકેશ નામ કાર્યક્રમ યોજાયો જેમાં મુકેશના યાદગાર ગીતોની હારમાળા જેમાં વિશ્વકર્મા સમાજની એકતાના દર્શન થયા બહોળી સંખ્યામાં હાજરી આપી કાર્યક્રમની શોભા વધારી જેમાં રાજકોટ શહેર તથા બહારગામથી આવેલા લોકોએ મનોરંજન માણ્યું. વિશ્વકર્મા સમાજના ઉદ્યોગપતિ દરેક સંસ્થાના પ્રમુખ, ઉપપ્રમુખ, ટ્રસ્ટી, મીડિયા પત્રકારો, મહિલા મંડળ, સામાજિક કાર્યકરો બહોળી સંખ્યામાં હાજર રહ્યાં હતાં તેમજ દરેક સ્પોન્સરશીપ આપનાર વ્યક્તિનો આભાર જેમણે આ કવયિત્ર સંમેલન તથા મ્યુઝિકલ નાઈટ કાર્યક્રમને રંગસભર બનાવ્યું અમૃત ચેરિટેબલ ટ્રસ્ટ રાજકોટ ના દરેક કારોબારી બહેનો થતા ભાઈઓએ ખુબ સરસ રીતે કાર્યક્રમ સફળ બનાવ્યો તે બદલ આભાર વ્યક્ત કર્યો.

# જામખંભાળીયા ભાજપ બક્ષીપંચ મોરચાના મંત્રી તરીકે પ્રફુલભાઇ પનારા




જામખંભાળીયામાં વર્ષોથી સમાજ સેવા કરતા રહેલા અને સાથોસાથ ભારતીય જનતા પક્ષમાં રહીને સેવા કરતા રહેલા યુવા કારખાનેદાર વિનર એન્જિનિયરીંગ વર્કસના નામથી પોતાનું ઔદ્યોગિક એકમ ચલાવે છે અને તે બી.કોમ., એલ.એલ.બી. ગ્રેજયુએટ છે. પ્રફુલભાઇ પનારાને ભારતીય જનતા પક્ષમાં ઓબીસી એટલે કે બક્ષી પંચ મોરચાના શહેરના મંત્રી તરીકે નિમણુંક કરવામાં આવી છે. પ્રફુલભાઇ પનારા જામખંભાળીયા ગુર્જર સુતાર જ્ઞાતિમાં વર્ષોથી કાર્યરત છે. હાલ તે જ્ઞાતિમાં સહમંત્રી તરીકે પણ ફરજ બજાવી રહયા છે. પ્રફુલભાઇ પનારાની આ નિમણુંકથી સમાજમાં આનંદની લાગણી વ્યાપી છે. ખંભાળીયાના પ્રમુખ મુકેશભાઇ સુરેલીયા સહિતના આગેવાનોએ તેમના પર અભિનંદનનો વરસાદ વરસાવી રહયા છે.




VISHWAKARMA VISHWA(Gujarati), MONTHLY, RNI Regd. No. GUJGUJ/2013/49269. Post Reg. No. RAJKOT/497/2024-2026. Posted at Rajkot RMS on 10th of Every Month

# હાર્દિક અભિનંદન



શ્રી પ્રફુલભાઈ પનારા

**પ્રિય, પ્રફુલભાઈ પનારા**

ગુર્જર સુથાર જ્ઞાતિ જામખંભાળીયાના સહમંત્રી તરીકે સેવા બજાવવાની સાથોસાથ સમાજ સેવાની સુગંધ ગામે ગામ પહોંચાડી સૌના પ્રિય પાત્ર બન્યા છો ત્યારે ભારતીય જનતા પક્ષે આપને જામખંભાળીયા બક્ષી પંચ મોરચાના મંત્રી તરીકે આપની નિમણુંકથી અમો ગૌરવ અને આનંદની લાગણી અનુભવી રહયા છીએ.

આપે નિષ્ઠા અને પરિશ્રમથી ઉદ્યોગમાં પણ વ્યવસાયિક સીધી પ્રાપ્ત કરી છે. જે અમારા સહુ માટે અને આપના પરિવારજનો માટે પણ ગૌરવરૂપ છે. આપ હજુ ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહો અને સમાજનું ગૌરવ વધે તેવી પ્રવૃત્તિમાં પ્રવૃત્ત રહો તેવી પરમાત્માને પ્રાર્થના સાથે આપને અમારી ખુબ ખુબ હાર્દિક શુભકામના. આપની નિમણુંક બદલ શ્રી જગદીશ વિશ્વકર્માનો પણ આભાર.

---

**શ્રી અમુભાઈ ભારદીયા** (ઉદ્યોગપતિ)

**શ્રી જગુભાઈ ભારદીયા** (ઉદ્યોગપતિ)

**શ્રી રામભાઈ મોકરીયા** (સાંસદ-રાજયસભા)

**શ્રી રમેશભાઈ તલસાણીયા** (પ્રમુખ-વેજલપુર, અમદાવાદ)

**શ્રી ધીરજલાલ ટાકોદરા** (પ્રમુખ-બીજેપી બક્ષીપંચ મોરચો, દેવભૂમિ દ્વારકા)

VISHWAKARMA VISHAWA (GUJARATI-MONTHLY)
Editor-Publisher-Owner & Printer: Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)
**If Undelivered Please Return : રમ્ય પબ્લીકેશન, ૩૨૦-હીરાપન્ના કોમ્પ્લેક્ષ, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ-૩૬૦૦૦૧**